Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૫૦ • તા. ૦૭ થી ૧૩ ડિસેમ્બર ૧૩ • વાર્ષિક લવાજમ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14





કેનવાસ પર હાર્ડવેક્સથી
અનોખી કલાકૃતિઓ સર્જતા
નોખા - અનોખા કલાકાર
માનસી લોડાયા
બાયઠ - ડોંબિવલી







માનસીએ મહારાજ સાહેબોની પ્રેરણાથી હાલ મુખ્યત્વે ધાર્મિક વિષયો લિધાછે, અન્ય વિષયો પણ લેશે. વધુ તસ્વીરો ૨૭મા પાને

## મહારાષ્ટ્રના કચ્છી ઓસવાલ જૈનોની એકતાના આધારસ્તંભ શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના કોઠારા - સાંગલી



દેશાવરમાં વસતા કચ્છી ઓસવાલ જૈનો ભલે વિવિધ શહેરોમાં વસતા હોય તેમને પોતાનું આગવું સમાજજીવન હોય તથા સગપણ સહિતની કોઈ સમસ્યા ન નડે તે માટે શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ (એકમ)ની સ્થાપના કરવામાં આવીછે. કચ્છી દશા ઓસવાલ અને વિશા ઓસવાલોમાં બહુ આદર ધરાવતી આ સંસ્થાના પ્રમુખ હોવું એટલે એક અર્થમાં મહારાષ્ટ્રના કચ્છી ઓસવાલ જૈન એકતાના આધારસ્તંભ હોવું.

ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સાંગલીમા વસતા જ્ઞાતિજનોના લાડીલા આગેવાન શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના એ આ સંસ્થાના પ્રમુખ થઈને સાંગલીના જ્ઞાતિજનોનું જ નહીં સમસ્ત જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

## વિશ્વમાનવ બનાવાની દિશામાં કે.ડી.ઓ. પ્રતિભાઓની આગેકુચ



કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ વહેલા શિક્ષણ લેનાર, પહેલા ઉચ્ચશિક્ષણ લેનાર, વહેલા કેળવણીની શરૂઆત કરનાર તથા વહેલા દેશ-વિદેશના સંપર્ક સાધનાર સમુદાયમાંથી એક છે.

આવા સમુદાય પાસેથી અપેક્ષા રહેકે તે રાજીવ ગાંધીએ જોયેલું સ્વપ્ન સાકાર કરે છે. જ્ઞાતિની યુવા પેઢીએ આ દિશામાં ધીમા પણ મક્કમ પગલાં ભરવા સાથે અસાધારણ સફળતા મેળવવાની શરૂઆત કરી દીધી છે. તેના ઉદાહરણો ૧૯૭૦ના દાયકાથી મળવા લાગ્યા હતા. ૧૯૯૦ના દાયકાથી ભારતમાં આંતરરાષ્ટ્રીયનું શિક્ષણ આપતી સંસ્થાઓ સ્થપાવવા લાગી અને અહીંના વિદ્યાર્થીઓ અહી ઉપલબ્ધ એમ.બી.એ. જેવી ડીગ્રીઓ માટે પણ વિદેશમાં વિશેષ સગવડ હોય ત્યાં ભણતા થયા અને વિશ્વના આગળ પડતા દેશોમાંથી તૈયાર થઈને આવતા. વિદ્યાર્થીઓ સાથે મુકાબલો કરવા લાગ્યા તેના વધુને વધુ ઉદાહરણો હવે સામે આવી રહ્યા છે.

એક અનન્ય ઉદાહરણ એટલે મયુર વિનોદ ધુલ્લા.તેમની ઓસ્ટ્રેલીયા સરકારની અભ્યાસ અંગેની વેબસાઈટ પર મુકાયેલ સકસેસ સ્ટોરી જો પાના નં ૧૧ પર

## શ્રી મણીલાલ ડુંગરશી દંડની કાગળને વિવિધ આકાર આપવાની કલાપર અમિતાભ ફિદા




શ્રી મણીલાલ ડુંગરશી ટોકરશી દંડ (બાયઠ-મઝગાવ) બાળકો માટેની રમકડાબેંક તથા કાગળને વિવિધ આકાર આપવાની જાપનીઝ કલાપરના તેમના પ્રભૂત્વ માટે પ્રખ્યાત છે. તેઓ મનને પ્રફુલ્લીત કરવા માટે બધાએ આ કળા શિખવી જોઈએ એમમાની બધાને હોંશે-હોંશે શિખવે છે.

હાલમાં એક અગ્રણીસંસ્થાએ તેમના જેવા સિનીયર સિટીઝનોનું સન્માન કરવા એક ફાઈવસ્ટાર હોટલમાં યોજેલા કાર્યક્રમમાં સદીના મહાનાયક અમિતાભ બચ્ચનને નિમંત્ર્યા હતા. તક મળતાં મણિલાલભાઈએ બીગબીને પણ પોતાની કલાથી મંત્રમુગ્ધ કર્યા હતા જે ડીએનએ ફોટો ગ્રાફરને તસ્વીરમાં ચીરસ્મરણીય બનાવવાનું મન થયું આ તસ્વીર મંગળવાર તા. ૩.૧૨.૧૩ના ડી-એનએમાં બીજે પાને છપાઈ હતી.

## હાર્દિક અભિનંદન
## મૈશેરી અને ધરમશી પરિવારનું ગૌરવ



### ચિ. યેશીકા અશ્વિન મૈશેરી

ચિ. યેશીકાએ MBA (HR) First Classમાં પાસ કરીને અમારા પરિવારનું નામ રોશન કરેલ છે. અમે સૌ પરિવારજનો એના ઉજ્જવલ ભવિષ્યની શુભકામના સાથે અભિનંદન આપીએ છીએ.

❊ શુભાશિષ ❊

દાદાણાં : માતુશ્રી નવલબેન દેવજી આણંદજી મૈશેરી પરિવાર (નલીયા-બેંગલોર)
નાનાણાં : માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી પરિવાર (સુથરી - મુલુંડ)
માતા-પિતા : સૌ. ઉષા અશ્વિન દેવજી મૈશેરી (નલિયા - બેંગલોર)
બહેન : કુ. કેજલ અશ્વિન મૈશેરી

## શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ (એકમ)ના પ્રમુખપદે નિમાયા તે બદલ હાર્દિક અભિનંદન



### શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના
કોઠારા - સાંગલી

સાંગલીના કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિજનોના લાડીલા આગેવાન શ્રી ઉત્તમભાઈ ખોનાએ વર્ષોસુધી મહારાષ્ટ્રનાં કચ્છી ઓસવાલ જૈન સમાજની નિષ્ઠાપુર્વક સેવા કરી, શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજનું પ્રમુખપદ પ્રાપ્ત કરી સાંગલીના જ્ઞાતિજનો તથા સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ગૌરવ વધાર્યું તે બદલ તેમને ખુબ-ખુબ વધાઈઓ !

હિરાચંદ માણેકજી નાગડા (નલિયા-સાંગલી)
પ્રવિણ શામજી લોડાયા (નાનીખાવડી -સાંગલી)
શરદ માણેકજી ખોના (કોઠારા - સાંગલી)

## *Congratulations....*



### Shruti Atul Pravin Daga

Pursuing as Jr. Scientist at VISION RESARCH FOUNDATION, SANKAR NETHRALAYA EYE HOSPITAL,
MRes Biomedicine (London), Msc Human Genetics, Bsc Biotechnology

❊ *With Best Wishes* ❊

Anita Girish Laxmichand Dand (Ahmedabad - Lala)
Mita Dharmesh Ramesh Nagda (Kochi - Naliya)
Meena Pravin Damji Daga (Chennai - Varadia)
Vijaya Manailal Mulji Nagada (Hubli - Naliya)
Chetna Atul Daga (Chennai)

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 50/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

*તંત્રી સમીપે...*

# ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો....

છેલ્લા એકાદ અઠવાડીયાથી જ્ઞાતિના મુંબઈના સમાજજીવનમાં અને વાસ્તવમાં તો મુંબઈની આપણી જ્ઞાતિ જે માટે અવારનવાર વગોવાતી આવી છે, તે મુંબઈના જ્ઞાતિના રાજકારણમાં જે આંચકાજનક હિલચાલો થઈ છે તેણે કોઈ પણ તટસ્થ જ્ઞાતિજનને બુરી રીતે વ્યથિત કરી મુકે તેવી પરિસ્થિતિમાં લાવી મૂક્યા છે.

ગત ૩ ડિસેમ્બરના દક્ષિણ મુંલુંડમાં સર્વોદય પાર્શ્વનાથ નગર તરીકે ઓળખાતા વિસ્તારમાં જ્યાં આપણા પચાસેક કુટુંબોનો વસવાટ છે ત્યાં અગાઉ ચાતુર્માસ કરણારા એક વરિષ્ઠ સાધ્વી મહારાજ ચારૂલતાશ્રીજીએ ઉપાશ્રય બનાવવાની પ્રેરણા આપેલ પણ તે કામ અધુરું રહેલું.

હાલમાં એ સાધ્વી મ.સા. સાહેબ માટુંગા સંઘના ઉપાશ્રયમાં કાળધર્મ પામ્યા. તેમની પાલખી ઉછામણીઓ વખતે ક.દ.ઓ. મુંબઈ મહાજનના પ્રમુખશ્રીએ (જેઓ પોતે પણ સર્વોદય નગરમાં વસવાટ કરે છે) મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટ તરફથી પોતાના ચાતુર્માસ વખતે સર્વોદય નગરમાં ઉપાશ્રયની પ્રેરણા આપનારા ચારૂલતાશ્રીજી મ.સા.ની. સ્મૃતિમાં ઉપાશ્રય બનાવવા માટે રૂા. ૮૦ લાખના અનુદાનની ઓચિંતી કહી શકાય તે રીતે જાહેરાત કરી દીધી.

તે સાથેજ તેના પ્રત્યાઘાત રૂપે એકાદ કલાકમાંજ વર્તમાન ટ્રસ્ટ બોર્ડ અને મુંબઈ મહાજનના અધિકારીઓનાં નજીકના સહકર્મીઓ - અગ્રણીઓ સહિત જ્ઞાતિના અન્ય અગ્રણીઓએ તીવ્ર રોષ - વિરોધની લાગણીઓ વ્યક્ત કરી અને આ પાંચેક દિવસોમાં સામાન્ય જ્ઞાતિજનો સુધ્ધાં પણ આવી જાહેરાતને તરંગી અને તઘલખી જેવા વિશેષણોથી નવાજતા થઈ ગયા છે.

આ પછી મુલુંડથી પ્રગટ તથા સ્થાનિક સાપ્તાહિકના બુધવારના તા. ૦૪.૧૨.૧૩ના પ્રગટ થયેલ અંકમાં, સંભવત: સર્વોદય નગર અચલગચ્છ જૈન સંઘ દ્વારા અપાયેલ એક જાહેરાતમાં, આ રૂપિયા ૮૦ લાખનું અનુદાન મુંબઈ મહાજનશ્રી અને અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે અપાશે તેમજ બાકીની આવશ્યકતા અંગે સર્વોદય નગર અને મુલુંડના શ્રાવક - શ્રાવિકાઓનો નોંધપાત્ર યોગદાન આપે એવી અપીલ થઈ.

તે પછી તો જ્ઞાતિના મુંબઈ બહારના અગ્રણીઓ અને સામાન્ય જ્ઞાતિજનોમાં પણ, જ્ઞાતિને સ્પર્શતા વધુ કે ઓછા અગત્યના પ્રશ્નો કે મુદ્દાઓને બદલે એક જ્ઞાતિ બહારના જૈન સંઘ માટે આ રીતે આવી ગંજાવર

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે**
**હવેથી ઈ-મેલ** kdoprakash@gmail.com **પર મોકલાવા.**
Please Note New Email ID of C.D.O. Prakash Samiksha :
Email : kdoprakash@gmail.com

રકમનું અનુદાન આપવા અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓના નિર્ણય પ્રત્યે સખત વિરોધ-વાંધાની પ્રતિક્રિયાઓ વર્તાતી થઈ છે તે સ્વભાવિક છે.

અલબત્ત આ તીવ્ર પ્રતિક્રિયાઓના વંટોળ વચ્ચે પણ છેવટે, ૫ ડિસેમ્બરના મહારાજ સાહેબની ગુણાનુવાદની સભામાં, રૂા. ૮૦લાખનું આ અનુદાન અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા થશે, તેવી જાહેરાત કરવામાં આવી.

આમ આ ઘટનાક્રમો, જાહેરાતો, ફેર જાહેરાતો અને અનંતનાથજી ટ્રસ્ટનો વિધિસરના સ્વરૂપમાં વચનબધ્ધ (કમીટમેંટ) કરતો આ નિર્ણય, જ્ઞાતિની પ્રતિમાને ગંભીર કટોકટીમાં મૂકી શકે તેવો ઉગ્ર બની ચૂક્યો છે તેમ કહીએતો તેમાં કોઈ અતિશયોક્તિ થતી નથી.

આ પ્રકારની, ઉત્સાહના અતિરેકમાં, હુંસાતુસીની હોડમાં અને સર્વત્ર સર્વોપરીની જેમ છવાઈ જવાના પ્રદર્શનલક્ષી ભાવાવેશમાં જ્ઞાતિના નામે, પછી ભલે મુંબઈ મહાજનના નામે હોય કે અનંતનાથજી ટ્રસ્ટના નામે કરાયેલ જાહેરાત હોય તેનું આ પ્રથમ કે એકમેવ દ્દષ્ટાંત નથી.

લગભગ ત્રણેક વર્ષ પહેલાં, કચ્છ ગોધરામાં આપણા અચલગચ્છાધિપતિ પુજ્ય ગુણોદયસાગર મહારાજ સાહેબના ગુરૂપુજનની ઉછામણીમાં આ રીતે જ મુંબઈ મહાજનના પ્રમુખ શ્રીએ રૂા. ૧૧ લાખની વચનબધ્ધતાથી આદેશ મેળવેલો આ રકમ પણ હજી સુધી ગોધરા મહાજનને ચૂકવવામાં આવેલ નથી. ખાસ કરીને વીસા સમાજનાં આગેવાનો આપણા અગ્રણીઓને આપણી વચનશૂરતા અને કરમશૂન્યતા અંગે મહેણા - ટોણાઓ વાર તહેવારે ઠપકારતા હોય છે, જે રીતે છ-સાત વર્ષ પહેલાં દશા-વીસા સમાજોના સંયુક્ત ઉપક્રમે પ્રારંભાયેલ રહેઠાણ યોજનામાં ૫૦૦ ફ્લેટોનું યોગદાન આપવાના વચન વિષે આપણા અગ્રણીઓ અને જ્ઞાતિજનો હાંસીપાત્ર ઠર્યા છે.

આ રીતે અનંતનાથજી ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનશ્રીના અધિકારીઓએ અનેક રીતે અસંમજસ અને વિવાદાસ્પદ પરિસ્થિતિ વારંવાર સર્જી છે... તેની ગંભીરતા, અત્યારના ઉક્ત મુલુંડ સર્વોદય નગર અચલગચ્છ જૈન સંઘના ઉપાશ્રય હેતુસર જાહેર કરાયેલ અનુદાનના સદંર્ભ પણ ઓછી થતી નથી અને ઉલટી ઓર વધી છે.

તેના સમર્થનમાં દસેક કારણો તો સહેજે આપી શકાય તેમ છે. પરંતુ હાલ પુરતું તેનું વવરણ ન કરતા ફક્ત એટલુંજ કહીએકે જ્ઞાતિને પોતાના જ્ઞાતિજનોમાટેજ શૈક્ષણિક, સ્વાસ્થ્ય અને રહેઠાણ સંબંધી અનેક સમસ્યાઓ અને આર્થિક પ્રશ્નો છે. વળી, ધાર્મિક હેતુઓની વાત કરીએ અને તો પણ મુંબઈ પુર્તી તો અનંતનાથજી ટ્રસ્ટ પાસે જ્યારે ફંડ ઉપલબ્ધ હોય ત્યારે તેણે ઘાટકોપર, કાંજુરમાર્ગ, ભાંડુપ અને ડોંબિવલીમાં નવા ઉપાશ્રયો બનાવવાનો અને જુના ઉપાશ્રયનું નુતનીકરણ કરવાનો અગ્રતાક્રમ સૌ પ્રથમ નીભાવવાનો છે. એટલે દલીલ ખાતર માની લઈએ કે ટ્રસ્ટ પાશે ફંડ છે તો પણ જ્ઞાતિ બહારનાં એક સંઘના ઉપાશ્રય માટે આવું ગંજાવર અનુદાન કરવાના ટ્રસ્ટીઓના આનિર્ણયને ફક્ત મનસ્વી અને સ્વછંદી ન ગણતા તેની પાછળ કોઈ વ્યક્તિગત સ્વાર્થ કે ધંધાકીય સંબંધો કે દબાણ કે અન્ય બાહ્યપરિબળ જવાબદાર હોવાની આશંકા કરી શકાય. એ બાબત ટ્રસ્ટ કે જ્ઞાતિના હિતની વાત તો કોઈ મુર્ખ જ્ઞાતિજન કરી શકે.

એ જે કાંઈ હોય તે, આ નિર્ણય અણઘડ ટ્રસ્ટ વહિવટનો વરવો નમુનો છે. ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો એ કહેવતના ઊંડા અર્થનો પન્નો પણ અહીં ટુંકો પડે છે.

એટલેજ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આ કથિત નિર્ણય મિનિટસ બુકમાં નોંધાઈ ગયો હોય તો પણ તેણે તાત્કાલિક રદ્ કરવો જોઈએ. અન્યતા સમગ્ર જ્ઞાતિ સામે તેમણે એક ઘેરા સંઘર્ષમાં ઉત્તરવું પડશે.

આશા રાખીએ ટ્રસ્ટીઓ પહેલો વિકલ્પ પસંદ કરશે. અલબત્ત, આ માટે તેમણી પાસે ઝાઝો સમય નથી.

**- ર઼ા.**

## કે.ડીઓ વેલ્ફેર એસોસીએશન સામાજિક સુરક્ષા યોજના

કે.ડીઓ. વેલ્ફેર એસોસીએશની ઈમેલ આયડી Email ID : kdosss@yahoo.in છે. બોનસના ચેક માટે તથા નવા ફોર્મ માટે તથા અન્ય જાણકારી માટે મુંબઈ - થાણા - નવી મુંબઈ વિસ્તારના જ્ઞાતિજનો એ દીપક ગંગાજર ડાઘા, મુલુંડનો (M-8976017830) પર અને અન્ય વિસ્તારના જ્ઞાતિજનોએ શ્રી પદમકુમાર ઘનજી નાગડા, હુબલીનો (M-9448090307) પર સંપર્ક સાધવો.

જિંદગીમાં ફક્ત એકજ વખત રૂા. ૨૨૦૦/- ભરી (વય મર્યાદા ૫૩ વર્ષ) સભ્ય બનો અને રૂા. ૭૫૦૦૦/- સુધીનો જીવનવિમા જેવો લાભ તથા રૂા. ૭૫૦૦૦/- સુધીની પર્સનલ એકસીડન્ટ પોલીસી જેનો લાભ વય મર્યાદા ૫૫ સુધી મળી શકે છે. ૫૫ વર્ષની વય બાદ ડીપોઝીટની રકમ રૂા. ૨૦૦૦/- બોનસ સાથે પરત કરાય છે.

## ઝુકી તો જવાય ને! મુક જ્ઞાતિ સેવક બેંગલોરના શ્રી જયચંદભાઈ પુનશી નાગડા



દ.ભા.ક.દ.ઓ. બેંગલોરની ઓફીસમાં ૨૦ વરસથી સેવા કરતા કરતા ગુજરી ગયા એ ભાઈ શ્રી જયચંદભાઈ પુનશી નાગડા કર્મચારી હતા પણ તેઓ એક સક્રિય કાર્યકર્તા પણ હતા. તેઓ સરલ સ્વભાવી, મિલનસાર વ્યક્તિ હતા. ૭૩ વરસના હતા પણ એક યુવાન વ્યક્તિની જેમ ઉત્સાહથી કાર્ય કરતા હતા. એમની સમાજ પ્રતિ નિષ્ઠા અને કર્તવ્યની ભાવના હતી એની સમક્ષ ઝુકી તો જવાય ને!!!

**દક્ષિણ ભારતના ક.દ.ઓ. જ્ઞાતિજનો**


## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

(રજી. નં. એ/૨૮૯૮ (મુંબઈ) તા. ૧૯/૧૧/૧૯૬૯)

સ્થાપના : સં. ૨૦૨૪ ન્યુ હનુમાન બિલ્ડિંગ, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન (૦૨૨) ૨૩૭૨ ૯૩૦૪

**શ્રી સંઘની વ્યવસ્થાપક સમિતીની તા. ૨૩.૧૧.૨૦૧૩ના રોજ મળેલ સભામાં સંવત ૨૦૭૦થી ૨૦૭૨ સુધીના ત્રણ વર્ષના કાર્યકાળ માટે નીચે મુજબના સભ્યો સર્વાનુમતે બીન હરીફ ચૂંટાયેલા છેઃ**

| | | |
|---|---|---|
| પ્રમુખ શ્રી | : | શ્રી શામજી નરશી દંડ (સાંધવ) |
| ઉપપ્રમુખ શ્રી | : | શ્રી તલકશી ચનાભાઈ ગાલા (કોટડી મહા.) |
| | | શ્રી ધીરજલાલ મણીલાલ શાહ (માંડવી) |
| માનદ મંત્રીઓ | : | શ્રી વિનોદ ખીમજી ગંગર (ચુનડી) |
| | | શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપર ગઢવારી) |
| | | શ્રી જુગરાજ હજારીમલજી વાણીગોતા (ભીનમાલ) |
| | | શ્રી ભરત નાનાલાલ શાહ (ભૂજ) |

**સર્વ અધિકારીઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છા**

**ચાતુર્માસ પછીના શેષકાળ માટે પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને નમ્ર વિનંતી કેઃ** પ્રાપ્તાકાળે અંધારામાં વિહારની શરૂઆત ન કરવી: જૂથમાં હોવા છતાં ચાલતી વખતે વાતો ન કરતાં એકની પાછળ એક એ રીતે ચાલવું; રેડીયમ પટ્ટી કે જેકેટ પહેરી રાખવા; હાઈવે પર ચાલતાં સાઈડની નાની કેડી પર ચાલવું. સુરક્ષાના આ નિયમો પાળવાથી અકસ્માત થવાની શકયતા રહેશે નહી.

**લિ. શ્રી અખિલભારત અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ વતી વિરાટ સેવંતીલાલ શાહ - પ્રમુખ**

# શ્રી અખીલ ભારત અચલગચ્છ જૈન સંઘના
## પ્રમુખ પદે તથા માનદ મંત્રી પદે વરણી થવા બદલ



લખ
લખ
વધાઈયું



માનનીય
શ્રી શામજી નરશી દંડ

માનનીય
શ્રી કલ્પેશ માણેકજી મોતા

પરમ પુજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણોધ્યા સાગર સૂરીશ્વરજી મ.સા.પૂ.સા. તથા સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભાસાગર સૂરીશ્વરજી મ.સા.પૂ. ગુણીવર્ય શ્રી કવિન્દ્ર સાગરજી મ.સા. આદિ ગુણિવર્યો તથા જ્ઞાતિજનોના આનંદ આશિર્વાદ દ્વારા સંઘ સમાજની અનેક સંસ્થાઓમાં સક્રિય પણે કાર્યરત રહેનાર અમારા પરમ મિત્રો દાનવીર શ્રેષ્ઠીવર્ય શ્રી શામજી નરશી દંડ પ્રમુખપદે તથા દાનવીર શ્રેષ્ઠીવર્ય શ્રી કલ્પેશ માણેકજી મોતા માનદ મંત્રી તરીકે આરૂઢ થયા છે ત્યારે અંતરના ઓવારણાથી અભિનંદનની વૃષ્ટી કરતા આનંદિત થઈ રહ્યા છીએ.

સંઘ સમાજના આનંદકારી મંગલકારી કાર્યો સંપન્ન થાય એવી ગચ્છાધિષ્ઠાયિકામાં મહાકાલીના ચરણોમાં પ્રાર્થના..

જયંત ભવાનજી સોની પરિવાર (જોય ગ્રુપ) સુથરી તરૂણ ધનજી ધરમશી પરિવાર (ડીલક્સ લોજીસ્ટીક પ્રા. લિ)

## આગામી કાર્યક્રમો

### ક.દ.ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ દ્વારા જામનગરમાં વિવીધલક્ષી તાલીમ - ધાર્મિક શિબીર

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય જામનગર દ્વારા માતુશ્રી મલયબેન શરદભાઈ શાહ પરિવાર (પરજાઉ / મુલુંડ)ના સૌજન્યથી શનિવાર તા. ૧૪મી અને રવિવાર તા. ૧૫મી ડીસેમ્બર ૨૦૧૩ના કામદાર કોલની, રોડ નં. ૩, શેરી નં. ૩, એરોડ્રોમ રોડ, જામનગર ખાતે કન્યાછાત્રાલયની વિદ્યાર્થીનીઓ માટે શિક્ષણ સાથે વહેવારુ જ્ઞાન અને તાલીમ શિબીરનું આયોજન કરવામાં આવ્યું છે.

# ૮ મો વસતીપત્રક અને તેની વેબસાઈટ

## સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિજનો જોગ

૮ મો વસતીપત્રક થોડા સમય માં પ્રિન્ટીંગ માં જવાની તૈયારી માં છે, તા.૩૧-૧૦-૧૩ સુધી આવેલ બધાજ સુધારા વધારા આમેજ કરેલ છે,પરતું અમારું માનવું છે કે હજી પણ ઘણા જ્ઞાતિજનોએ પોતાની વિગતો તેમજ ફેમીલી ટ્રી વેબસાઈટ પર જોઈ કે ચેક કરી નથી, તેમને ખાસ વિનંતી છે કે તેઓ તેમની વિગતો ચકાસી લે જેથી વસતીપત્રક માં કોઈ ભૂલ ન રહી જાય અને વસતીપત્રક Errorless બની શકે.

જો કમ્પ્યુટર કે ઇનટરનેટ ની અનુકુળતા કે વ્યવસ્થા ન હોય તો તમે વ.પ ઓફીસમાં પધારી તમારી વિગતો કે માહિતી તપાસી શકો છો.અથવા તમારા સંપર્ક માં કોઈ ની પાસે વેબસાઈટ જોવાની સગવડતા હોય તેનો ઉપયોગ પણ કરી શકો છો.

**◊ જેમનો પોતાનો E-mail Id નથી, તેમના માટે:-**

### (A) To create E-mail Id Follow the Procedure as Under:

1. સૌ પ્રથમ **WWW.gmail.com** વેબસાઈટ પર વિઝીટ કરો.
2. ત્યારબાદ **Create an account** પર ક્લિક કરો.
3. તમારી વિગતો ભરી સબમિટ પર ક્લિક કરો.
4. તમારું Email id તૈયાર થઇ જશે જે તમને રજીસ્ટ્રેશન કરવા માટે કામ આવશે.
5. તેમજ તમે **yahoo, rediffmail** વગેરે....નો ઉપયોગ કરી E-mail Id બનાવી શકો છો.

### (B) For Registration please Follow the Procedure as Under:

1. **www.kdovp.com** વેબસાઈટ પર વિઝીટ કરો.
2. રજીસ્ટર પર ક્લિક કરી ફોર્મ ભરી **સબમિટ** પર ક્લિક કરો.
3. તરત તમને એક **E-Mail verification** નો Mail આવશે, તે **Mail** verify કરો.
4. પછી વ.પ ઓફીસ તમને સંપર્ક કરીને **પાસવર્ડ** મોકલશે.

જો તમને રજીસ્ટ્રેશન કરવામાં કોઈ પણ મુજવણ હોય તો આપણી વેબસાઈટ પર **રજીસ્ટ્રેશન ગાઈડ** વાંચીને પણ માર્ગદર્શન મેળવી શકો છો.ઉપરાંત વ.પ.ઓ **09920855259,09619343793** નંબર પર **સોનલબેનનો** સંપર્ક કરી શકો છો. પણ આપશ્રીની વિગતો વેબસાઈટ પર જરૂરથી તપાસી લેશો.જેથી ક્યાં પણ ભૂલ રહેવાની શક્યતા ન રહે અથવા એક બીજા ની વિગતો મિક્ષ થઇ ગઈ હોય તો તેને કમ્પ્યુટર દ્વારા પણ સુધારી શકાય. માટે તમારી વિગતો તમને જ જોઈને ચકાસવાની જરૂર છે.માટે જ્ઞાતિના આ મહાન-ભગીરથ કાર્યને સુંદર અને સક્ષ્મ રીતે પરિપૂર્ણ કરી શકીએ.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ વતી

**થી વિનોદ ધુલ્લા અને છત્રપતિ દંડ ના જયજિનેન્દ્ર.**

## ધર્મ પ્રકાશ : કર્મનું વિષચક્ર (ભાગ - ૧) પ્રાથમિક સમજ

ડો. રશ્મિભાઈ ઝવેરી

કર્મ શબ્દ એ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે, જે એક વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. વાચક ઉમાસ્વાતિજીએ કર્મની પરિભાષા કરી છે સકષાયત્વાજજીવઃ કર્મણો યોગ્યાન્ પુદ્ગલનાદત્તે (૮/૨) અર્થાત્ કષાયયુક્ત જીવ જે કર્મવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે તેને કર્મ કહેવાય છે. આચાર્ય તુલસીજીએ જૈન સિધ્ધાંત દીપિકામાં એની વ્યાખ્યા કરી છે - આત્મપ્રવૃત્ત્યાકૃષ્ટાત્પ્રાયેગ્ય પુદગલા : કર્મ (૪/૧) અર્થાત આત્માની (સત્-અસત્ અથવા શુભ - અશુભ) પ્રવૃત્તિથી કર્મના બંધને યોગ્ય જે પુદ્ગલોને ગ્રહણ કરે છે તેને કર્મ કહેવાય છે. આચાર્ય તુલસીજીએ જૈન સિધ્ધાંત દિપિકામાં એની વ્યાખ્યા કરી છે - આત્મપ્રવૃત્યાકૃષ્ટાસ્તત્પ્રાયોગ્ય પુદ્ગલા : કર્મ (૪/૧) અર્થાત આત્માની (સત્-અસત્ અથવા શુભ-અશુભ) પ્રવૃત્તિથી કર્મના બંધને યોગ્ય જે પુદ્ગલોને આકર્ષે છે તેને કર્મ કહેવામાં આવે છે. આમ કર્મવર્ગણાનાં વિશિષ્ટ પુદ્ગલો જ્યારે આત્મા દ્વારા આકર્ષાય છે તેને કર્મ કહેવામાં આવે છે. આમ કર્મવર્ગણાનાં વિશિષ્ટ પુદ્ગલો છે. ગીતામાં કર્મ શબ્દ પ્રવૃત્તિ માટે વપરાયો છે. બૌધ્ધદર્શનમાં એને વાસના અથવા સંસ્કાર કહેવામાં આવે છે.

કર્મવર્ગણાને યોગ્ય પુદ્ગલો સમસ્ત લોકમાં ફેલાયેલાં છે. સામાન્ય પુદ્ગલ - સ્કંધ આઠ સ્પર્શયુક્ત હોય છે, પણ કર્મવર્ગણાનાં પુદ્ગલ - સ્કંધો માત્ર ચાર સ્પર્ષ જ ધરાવે છે. સ્નિગ્ધ /રૂક્ષ અને શીત / ઉષ્ણ. તે ચતુઃસ્પર્શી હોવાથી અતિસુક્ષ્મ છે અને ચર્મચક્ષુથી કે અન્ય સાધનથી જોઈ શકતા નથી.

પણ એમાં સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ હોવાથી તે શક્તિ (Charge) ઉત્પન્ન કરી શકે છે. લોકમાં રહેલાં આ પુદ્ગલો ન્યુટ્રલ (Neutral) હોય છે, પણ જ્યારે તે આત્મા દ્વારા આકર્ષાય ત્યારે એ


ભાવભીની શ્રધ્ધાંજલિ





સ્વ. જયચંદ પુનશી નાગડા

જખૌ - બેંગલોર અરિહંત શરણ : ૨૩.૧૧.૨૦૧૩

આપે શ્રી ક.દ.ઓ. જૈન દક્ષિણ ભારત એકમની પ્રવૃત્તિઓ સાથે સંકળાઈ, તેના સંચાલનમાં તથા ખાસ કરીને ક.દ.ઓ. જૈન દક્ષિણ ભારત એકમ દ્વારા નિર્મિત કચ્છી ભવનના વહીવટ રૂપે જે જ્ઞાતિ સેવા કરી તેની નોંધ લેતા હૈયું ગદગદ થાય છે.

પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના .

શ્રી ક.દ.ઓ. જૈન દક્ષિણ ભારત એકમ

શક્તિશાળી બને છે અને આત્માને શુભ-અશુભ ફળ આપે છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આત્મા તો ચેતન છે અને કર્મ તો જડ છે, પુદ્‌ગલ છે, તો પછી એ બન્નેનો સંબંધ કેવી રીતે થાય છે? એનો ઉત્તર છે કે માત્ર સંસારી આત્માને જ કર્મનો બંધ થાય છે. એકવાર આત્મા સંપૂર્ણ કર્મથી મુક્ત બને પછી એ સિધ્ધ બની જાય છે અને નવાં કર્મો નથી બાંધતો, તો સંસારી આત્મા અને કર્મનો સંબંધ ક્યારથી છે? એનો ઉત્તર છે જીવ અને કર્મનો સંબંધ અપશ્ચાનુપુર્વક એટલે કે અનાદિકાળથી છે. જ્યારે પૂર્વજનિત કર્મ ઉદયમાં આવે છે ત્યારે આત્મા શરીરાદિ દ્વારા પ્રવૃત્તિ કરે છે અને પ્રત્યેક પ્રવૃત્તિ નવા કર્મબંધનમાં પરિણમે છે. આમ, આ કર્મનું વિષયક્ર ચાલ્યા જ કરે છે.

સંસારી આત્માની ત્રણ જાતની પ્રવૃત્તિઓ હોય છે - મનની, વચનની અને કાયાની. આ ત્રણે પ્રવૃત્તિઓને જૈન પરિભાષામાં યોગ કહેવાય છે - મનયોગ, વચનયોગ અને કાયાયોગ, યોગની પ્રત્યેક ક્રિયા વખતે કર્મનો બંધ થાય છે. કર્મના મુખ્ય બે ભેદ છે - પુણ્ય અને પાપ.

તાત્ત્વિક દષ્ટિએ કર્મના આઠ ભેદ છે- જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય, આમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ મોહનીય અને અંતરાય- આ ચાર કર્મોને ઘાતીકર્મ કહેવામાં આવે છે, કારણકે એ આત્માના મૂળ ગુણોનું આવરણ કરે છે. આત્માના મૂળ ગુણોનું આત્માના ૪ મૂળ સ્વાભાવિક (innate) ગુણો છે જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિ. ૪ ઘાતીકર્મો ક્રમશઃ આ ચારે ગુણોનો ઘાત કરે છે. બાકીના ચાર કર્મો - વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર-આત્માના ગુણોનો ઘાત ન કરતાં હોવાથી એને અઘાતી કર્મ પણ કહેવાય છે.

આ ચાર અઘાતીકર્મો આત્માની પ્રવૃત્તિઓનું નિયોજન કરે છે, પ્રોગ્રામ બનાવે છે, ભવિષ્યના કાર્યક્રમો ઘડે છે. નામકર્મ આગળના ભવમાં ગતિ કરાવે છે, શરીર બનાવે છે. ઈન્દ્રિય વગેરે સાધન બનાવે છે ટૂંકમાં એ ચિત્રકાર છે. ચાર ગતિમાં



**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ** (સંચાલિત)

**માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય** (જામનગર)

**દ્વારા આયોજીત**

## માતુશ્રી મલયબેન શરદભાઈ શાહ પરિવાર (પરજાઉ / મુલુન્ડ)

**દ્વારા પુરસ્કૃત**

## વિવિધલક્ષી તાલીમ તેમજ ધાર્મિક શિબીર - શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪

**કન્યાછાત્રાલયની દિકરીઓને શિક્ષણ સાથે વહેવારં જ્ઞાન અને તાલીમ મળે એ અતિ આવશ્યક છે. પરંપરાને જાળવી રાખતા દ્વારા તા. ૧૪ અને ૧૫ ડીસેંબર ૨૦૧૩ ના વહવારું જ્ઞાન સાથે વિવિધ તાલીમ વર્ગો અને ધાર્મિક વર્ગોનુ આયોજન ગામ સેવક ભરૂડીયા ના નરેન્દ્ર પાનાચંદ દંડ ગામ ના દિકરી ચિ. નમ્રતા માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે. આ બે દિવસીય પૂર્ણ સમયની નિવાસી તાલીમ વર્ગોની શિબીરના આયોજન માટે માતુશ્રી મલયબેન શરદભાઈ શાહ પરિવાર હસ્તે જીલ્પા જયેશ શાહ (પરજાઉ/મુલુંડ) તરફથી સસ્નેહ આર્થિક સહકાર મળેલ છે.**

**જામનગર સહિત કચ્છ જિલ્લાની આપણી દિકરીઓ આ વિવિધલક્ષી તાલીમ વર્ગોનો લાભ લેવા ઈચ્છે તો એમણે વેળાસર સંસ્થાનો ૦૨૮૮ - ૨૭૧૩૭૭૦ પર સંપર્ક કરવો, જામનગર માં રહેવા - જમવા અને તાલીમની સગવડ સંસ્થા નિ:શુલ્ક પ્રદાન કરશે. આપણી દિકરીઓને આ શિબીરનો લાભ લેવા આગ્રહ ભરી વિનંતી.**

**: આગોતરૂં આમંત્રણ :**

**દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૫ તેમજ ૨૬ જાન્યુઆરીના રોજ જામનગર મુક્કામે રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતવાર જાણ ટૂંક સમયમાં કરવામાં આવશે.**

**શિબીર સ્થળ : કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩, એરોડ્રોમ રોડ, જામનગર.**

જીવના નવાં નવાં રૂપો બનાવે છે. આયુષ્યકર્મ જીવના પ્રત્યેક ભવની કાળસ્થિતિ બનાવે છે - (Time Bound Programme) બનાવે છે. એ ભવસ્થિતિ બનાવે છે, જે પૂરી થતાં જ એ બીજા ભવમાં જાય છે. વેદનીયકર્મ આત્માને શાતા-અશાતા અથવા સુખ-દુઃખનો અનુભવ કરાવે છે. ગોત્રકર્મ જીવને ઉચ્ચ અથવા નીચ ગોત્રમાં લઈ જાય છે. એના કુળ-કુટુંબ-નિર્ણય કરે છે. આમ ભવિષ્યનો પૂરો કાર્યક્રમ આ ચાર અઘાતીકર્મો નક્કી કરે છે.

આ ચાર ઘાતીકર્મો પણ જીવના સ્વાભાવિક ગુણો-જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો સંપુર્ણ ઘાત નથી કરી શકતાં. પ્રત્યેક જીવવમાં આ ચારેય ગુણોનું એક એક કિરણ હંમેશ પ્રકાશિત રહે જ છે. આ છે ચિત્તની-ચેતનાની શુદ્ધ ભાવધારા. ભગવાને કહ્યું છે પ્રત્યેક જીવમાં અક્ષરના અનંતમા ભાગ જેટલા જ્ઞાનાદિ હંમેશ હોય જ છે, નહિતર જીવનો અજીવ થઈ જાય, ચેતનમાંથી જડ બની જાય. આત્મા અને કર્મનો સંબંધ થાય તેને બંધ કહેવામાં આવે છે. કર્મ આકર્ષતી વખતે જીવના જેવા ભાવ હોય-ભાવના હોય તે પ્રમાણે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બને છે. આમ, બંધના આ ચાર ભેદ છે. પ્રકૃતિ કર્મનો પ્રકાર, સ્થિતિ, એની સમયમર્યાદા, અનુભાગ, એની તીવ્રતા / મંદતા અને પ્રદેશબંધ કર્મસમૂહની રાશિ (સમુહ) નિશ્ચિત કરે છે. ક્રમશઃ

**જૈન પ્રકાશ**માંથી સાભાર

## શ્રી આકોલા તીર્થે નુતન ભવ્ય જિનાલય નું નિર્માણ

શ્રી અંતરિક્ષાતીર્થના તળેટી સ્વરૂપ અકોલા નગરમા લોહીયા કમ્પાઉંડ, ખોલેશ્વર એરીયામાં હૃદયસ્પર્શી વ્યાખ્યાન વાંચનકાર પ.પૂ. પ્રવર શ્રી દર્શન વલ્લભ વિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં શુક્રવાર તા. ૨૯.૧૧.૨૦૧૩ કારતક વદ ૧૨ના સવારના શુભ મંગલ મુહુર્તે શ્રી નુતન જિનાલયની શિલાન્યાસ વિધી આકોલા સંઘના ભાઈ-બહેનોની હાજરીમાં સંપન્ન થઈ.

આ જિનાલયમાં ૬૭ ઈંચના પ્રભુ શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા બિરાજમાન કરાવવામાં આવશે. નિર્માણ કાર્ય થોડા સમયમાં પ્રારંભ થશે.

## આદરાંજલિ







જન્મ : ૨૩.૦૨.૧૯૩૮

અરિહંત શરણ : ૦૯.૧૧.૨૦૧૩

### સ્વ. શ્રી જયચંદ માણેકજી લોડાયા

કોઠારા (ગદગ હાલ મુલુન્ડ)

આપે ગદગના અને દક્ષિણ ભારત એકમના સ્થાપક સભ્યરૂપે વર્ષો લગી સેવા આપી એ અમારે માટે પ્રેરણારૂપ છે.

અરિહંત શરણે આપણે ચિરશાંતી મળે એજ અભ્યર્થના.

**શ્રી ક.દ.ઓ. જૈન દક્ષિણ ભારત એકમ**

## ક.દ.ઓ. પ્રતિભાઓ જાગતિક સ્ટેજ પર માર્કેટીંગમાં મોટા નિશાન પાર પાડવા સજ્જછે તેના વધુ એક દષ્ટાંત રૂપે પ્રસ્તુત છે ઓસ્ટ્રેલીયા સરકારની અભ્યાસ વેબસાઈટ પર મુકાયેલ જ્ઞાતિ અગ્રણી વિનોદ ધુલ્લાના સુપુત્ર મયુરની સકસેસ સ્ટોરી

### Mayur Dhulla - India Course: Master of International Business Year: 2008

Institution: University of Sydney The decision to come to Australia was a tough and challenging one for me as I already had an older brother who had been to UK to do his master's in business administration and had a fairly successful stint there. I come from a Jain-Gujarati Business family background where education is considered a very important part in life to excel and become successful. Australia was not new to me as I could probably relate them to 'Cricket' more than anything and thought that there would be "Kangaroos" seen easily everywhere. Coming from Mumbai, an international city in itself, I always wanted to associate myself with a big renowned city for my Master's degree and wanted to experience different cultures, lifestyle, methods of study, basically a living which could open my horizons to newer ways of learning and appreciating things not only academically but personally too, and Sydney, could provide me with all that. I was accepted at Sydney University for my Masters in International Business degree. The course was very practically oriented with lot of project work involved rather than standard exams. It gave me an opportunity to interact and work with lot of students helping me build strong networks of friends with different cultural backgrounds, ethnicity and lifestyles allowing me to explore new horizons in life along with building my cultural and social intelligence at the same time. I really believe that academics can take you to a certain level in life, but it's the other things like your personality, your attitude and behaviours towards new and challenging situations, nature towards accommodating change which you learn outside your classroom with a strong community that Sydney University and Sydney city offers is incomparable. Developing on my skills for one and a half years, I was selected to be a part of an elite group of 16 students from Sydney University for a study programme to visit China in Tsinghua University (Peking University, Beijing) to write and develop a thesis on companies entering in china called "Wining strategies in China. It was an experience which remains close to my heart where again I was given an opportunity to meet some high profile professors, lecturers and some high ranking Chinese officials as they shared some interesting stories of doing business in China and how to be successful at that! All these experiences (and many more) made me a better communicator in life and helped me excel in my career with flying colours. I currently work for an Australian Publishing Company called CCH Australia – A Wolters Kluwer Asia Pacific business in Sales and have finished number 1, two years in a row for our ANZ business. As a conclusion, I would just like to summarise by saying that there are many reasons why people tend to study aboard; some of them go to learn a new language, others to begin a life in that country and some to get a master or doctorate degree. I chose to be a better communicator in life and Sydney city/Sydney Uni surely have played a major part in that.


શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
**UK KHIMJI & CO.**
144, Vasant Market Yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

# INTER CASTE MARRIAGES IN KDO COMMUNITY

Since the last thirty years, I have been running my Private Community Marriage Bureau as a Hobby. I am sad to observe that majority of KDO upper class parents are not proud of their community, religion and heritage since they do not know much about it. It is not their fault. Since the last 60 years, they have studied in convent schools because the trustees who managed our KDO High School did not convert it into a English Medium School like other communities around us. Hence these parents have a Superiority Complex and do not mix with other Gnatijans even though they may be living next door, building/lane. They will not pay homage in our Jain Temples near their house but will go to Hindu temples or shrines of Saibaba,Dada Bhagwan,Ganeshji, Vaishnodevi, Art of Living, and other saints. When the parents do not follow their own religion, how will their children learn about it and follow it.

They are also not bothered about getting their children, specially daughters, married in the community at the right age. They give their children full freedom to do whatever they like, mix with/meet anyone but will not teach them manners, our religion & rituals, to look after the household activites/family business. They do not even guide them to take proper careers.

Due to this carelessness, our traditional monopoly business of cotton was taken over by the Govt. Dispensaries / Chartered Accountants firms started by fathers had to close down since the children were not trained for the same.

I here seen that some parents were so greedy about their daughters' income that they tried to postpone their marriage on flimsy grounds till they get white hair or run away with some useless non-KDO neighbour. I was requested by some KDO Ladies who eloped with/ married 30 years back to non KDO's to find KDO boys for their daughters since they did not like their husbands' community at all.

We treat our non-KDO Daughter In-laws so nicely that our neighbours/friends are eager to get their girls married into our community. Almost all our upper class boys are enticed by & get married to non-KDO girls who enjoy our prosperity but very few adopt our religion and customs. In several cases, they even

## આંદરાંજલિ



જન્મ :
૧૫.૦૬.૧૯૫૫

અરિહંત શરણ :
૩૦.૦૬.૨૦૧૩

### સ્વ. ચંપક રાયચંદ જીવાણી

**જખૌ – ડોંબીવલી**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ, પ્રકાશ સમીક્ષા, શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન તેમજ ક.દ.ઓ. જખૌ મહાજન સાથે સંકળાઈ આપે કરેલી જ્ઞાતિ સેવા હંમેશા આપની યાદ અપાવતી રહેશે. આપે શ્રી ક.દ.ઓ. જૈન દક્ષિણ ભારત એકમ તથા તેની સાથે સંલગ્ન મહાજનો પ્રત્યે જે વિશેષ ભાવ રાખ્યો તેની નોંધ લેતા આદરાંજલિ અર્પીએ છીએ.

પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના.

**શ્રી ક.દ.ઓ. જૈન દક્ષિણ ભારત એકમ**

discouraged their children to marry into our community.

On the contrary, when our girls get infatuated and married to non-KDO boys, they are not well accepted in the boys' family and feel lonely. I get cases of girls getting divorced on flimsy grounds after having children and are now a worry for their parents. KDO Girls should therefore be careful when opting to marry Non-KDO Boys. I see this trend in KDO boys and girls also who get engaged/married and break off after a few weeks/months. Some parents encourage their girls to separate on flimsy grounds and ruin their lives which is wrong.

To prevent Inter caste marriages, Upper Class KDO's must get their children enrolled as members in KDO Vidyarthi Sangh, KDO Chartered Accountants Association, KDO Local Sanghs, etc. and make them participate in all their activities. I recently attended the 60 years' celebrations of Vidyarthi Sangh. The cream of our society was in the audience but none of their children were Office bearers in the Sangh. Why ? All these sanghs must have meetings/activities every month so that our boys and girls meet / know each other. Having a big Yuva gathering once in a year at huge cost in remote places for three days with group activities may not encourage individual interaction and friendship.

The New KDO President and Secretary of All India Achalgachh Sangh & Samast KDO Mahajan should take the lead to obtain Minority Status for Jains at National Level, unite all Jains living in Mumbai, redevelop Jain Residential Areas in Mumbai so that our Boys and Girls could meet each other and marry in the Jain Communities to retain our Unique Jain Culture / heritage.

***- Ratilal Valjibhai Khona,* Matunga**


**અભિનંદન અભિનંદન અભિનંદન**



**શ્રી કલ્પેશ મણેકજી મોતા**

માતૃશ્રી તારામતિબાઈના રાપેલા ધાર્મિક સંસ્કાર પિતાશ્રી માણેકજીભાઈના સાહસિક સ્વભાવ તેમજ સેવા પરાયણ વારસા થકી જેમણે દરેકે દરેક સભ્યો સાથે કેળવેલી આત્મીયતાના ફળ સ્વરૂપ આપ સામે કોઈ પ્રતિસ્પર્ધી ન હોવાથી દરેક સભ્યોએ હર્ષસભર આપને શ્રી અખીલ ભારત અચલગચ્છ જૈન સંઘના સેક્રેટરીના ઉચ્ચ સ્થાને બિન હરીફ ચુંટયા. આવા જ ઉચ્ચ શીખરો સર કરતા રહો એવી અમારા સર્વેની હાર્દિક શુભેચ્છા.

**✻ શુભેચ્છક ✻**

**હિરાચંદ ભવાનજી કુંવરજી મોમાયા**

**વર્સોવા - વરાડિયા**


## પ્રાર્થના - પુજા

આપણે પરમાત્માની સેવા-પુજા કરીએ કે ધર્મ પરોપકાર કરી પુણ્ય પ્રાપ્ત કરીએ, તેના બદલામાં કોઈપણ દુન્યવી પદાર્થની ઈશ્વર પાસેથી માગણી કરવી નહીં. કારણ ધર્મ અમુલ્ય છે તેને કોડીયો લેવા ક્યારે પણ વાપરવો નહી.

ધર્મક્રિયાના ફળ માંગવાની ક્યારે પણ જરૂર નથી હોતી. તેનું ફળ મળ્યા વગર રહેતું નથી. જીવનમાં જે સહેજપણે મળે છે તે કલ્યાણકારી હોય છે, જ્યારે આપણે ખેંચી - તાણી મેળવીએ છે તે હંમેશા દુઃખનું અને વ્યાધિનું કારણ બને છે.

પ્રાર્થના હંમેશા આપણે સારા સજ્જન તથા કર્તવ્ય પારાયણ બનીએ તે માટે જ કરવાની હોય અને પ્રાર્થના તેના માટેજ હોય છે નહિ કે એનું ફળ વસુલી કરવા માટે.

એક કવિએ સાચું જ કહ્યું છેકે **ત્રણ વાના મુજને મળ્યા : હૈયું, મસ્તક, હાથ બહુ દઈ દીધું તે નાથ જા હવે ચોથું હજુ નથી માગવું તારી પાસ.**

**- સંકલન : મધુકાંત દંડ (મુલુંડ)**


**લગ્નપ્રસંગને દિપાવતા કલાત્મક વસ્ત્ર પરિધાન**

**નવા નવા રંગ અને નવા નવા રૂપે સજાવી છે અમે નવલી છાબ**

● ઘરચોળા ● બાંધણી ● બાંધણીના ડ્રેસ મટિરિયલ્સ

● ચણિયા ચોલી ● બોર્ડર ● ડિઝાઈનર ફુટવેર

**તદ્દન વ્યાજબી ભાવે મળશે.**

**પાલવ,** શોપ નં. ૧, ઓ વિંગ, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુંડ (વેસ્ટ)

**25906287 / 25616842** Website : www.palav.com • Email : contact@palav.com

રવીવારે વિશ્રામ

## પર્યાવરણ - આરોગ્ય પ્રકાશ : શિન્‌રિન - યોકુ
## એટલે કે જંગલની હવામાં ફરવું અને સ્નાન કરવું - ગીતા જૈન

શીર્ષક થોડું અટપટું લાગો છે નો! ઓકટોબર ૨૦૧૦ના **વિશ્વવિહાર**માં શ્રી વિહારીભાઈ છાયાનો આ શીર્ષકનો લેખ વાંચ્યો હતો. એમાં શિન્‌રિન-યોકુ જાપાનીઝ ભાષાના શબ્દનો અર્થ બતાવેલ, જંગલની હવામાં સ્નાન કરવું અને ફરવું



લેખ મારી પસંદનો હતો. કુદરતની નજીક રહેવાનું હું પસંદ કરું છું અને પ્રાકૃતિક ચિકિત્સકની નજરે પંચ તત્ત્વો સાથે ખૂબ જ તાદાત્મ્ય અનુભવું છું. લગભગ દર વર્ષે જંગલ, નદી, પહાડો આસપાસ ભ્રમણ કરવાનું ગોઠવાય જ!

મે - ૧૩માં અમારી દીવની યોગ શિબીર અચાનક મુલત્વી રહી. અમે ગિરનાર પહાડની યાત્રા કરી જૂનાગઢમાં જ હતા. મુંબઈ જવું કે ન જવુંની ગડમથલ અનુભવતાં હતા. કારણ કે મહુવા શિબિર માટે તો પહોંચવાનું હતું. અચાનક મળેલા આ દસ દિવસ અમે નર્મદાના પવિત્ર કિનારે વિતાવવાનું નક્કી કર્યું.

જૂનાગઢથી ચાણોદ આવ્યા. ગંગનાથ મહાદેવમાં ધામા નાખ્યા ને લ્હાવો મળ્યો **શિનરિન - યોકુ!** નો...

... રોજ સવારે નર્મદા સ્નાન... ઉદયમાન થઈ રહેલા સૂર્યનારાયણના કિરણો દ્વારા સ્વાગત... ઠંડી હવાનો સ્પર્શ ... નીચે જમીન અને ઉપર ગગન... આ પાંચેય તત્વોના મળેલા સહજ સ્પર્શે ગજબની આહ્‌લાદકતા બક્ષી ... મિત્રો અને

---

### વ્હાલા ભાઈની વસમી વિદાયનો વિયોગ



**જન્મ :**
**૧૫.૦૧.૧૯૪૦**

**અરિહંત શરણ :**
**૨૦.૧૧.૨૦૧૩**

**સ્વ. શ્રી ભોજરાજ ભવાનજી નાગડા**
**- રપારગઢવારી**

રપરગઢના પખાવાઝના બેતાજ બાદશાહ, ઝાંજપખાનો રણકાર જગાવનારા
ઉંચા, ઉચા રે દાદા તારા ડુંગરા રે.... ને ડોલાવનારા

ફુલ બની સુવાસ મુકી ગયા, કીરણ બની પ્રકાશ મુકી ગયા...
ઝરણું બની સાગરમાં સમાઈ ગયા, યાદ બની સ્મૃતિમાં છવાઈગયા
કદીન ભુલાય એવી યાદ મુકી ગયા, લાગણીનો પ્રવાહ ચારે દોર મુકી ગયા

આપનો સરળ, સૌમ્ય સ્વભાવ... પરોપકારની ભાવના
કાર્ય કરવાની ધગશ અને સહુ સહુ પ્રત્યે મૈત્રીપુર્ણ વ્યવહાર ક્યારે ભુલાશે નહી...
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે.

**❖ એજ અભ્યર્થના ❖**
**સ્વ. વશનજી લખમશી નાગડા સ્વ. દેવજી લખમશી નાગડા**
**એવમ - સમસ્ત નાગડા પરિવાર - રાપરગઢવારી**



સ્વજનોના સ્મરણો મનની સપાટી પર તરવા લાગ્યા... મંદિરોના ઘંટારવ અને વનરાઈને સ્પર્શ કરીને પસાર થતા વાયુનો સરસરાહટ મનમાં અલૌકિક શાંતિના પ્રાણ પૂરે... અનેક પ્રકારના વૃક્ષોમાંથી ચળાઈને આવતી હવા વૃક્ષોની અમીરાત આપણાં તન-મનમાં ભરી દેવા તત્પર જ હોય...

યુથ હોસ્ટેલના સંદકફૂના ટ્રેકના અંતિમ દિવસે વિદાયની ક્ષણોએ સર્ટીફીકેટ વિતરણ સમયે ત્યાંના એક મહાનુભાવે જંગલનું વર્ણન કરતાં કરતા કરતાં એ આપણા તન-મન-શ્વાસની એકવાક્યતા જળવાય એ માટે કેટલું પ્રાણવાન છે એની વિગતે રજુઆત કરી હતી. અનેક પ્રકારના ઔષધીય વૃક્ષો - રંગબેરંગી ફૂલો - સુંગધ અને પવનની લહેરખીઓ મળીને નવજીવન બક્ષે છે... એની વાત ગળગળા સૂરે કરી હતી.

ભારતભરમાં હવે ચાર માર્ગીય કે છ માર્ગીય રસ્તા બની રહ્યા છે. મોટા મોટા તોતીંગ વર્ષો જૂના વૃક્ષોના છેદનની ચિચીયારીઓ આપણને સંભળાતી નથી કારણ કે આપણે બહેરા થઈ ગયા છીએ... પણ એનો સૂર જો સાંભળી શકાય તો જરૂર ખ્યાલ આવે કે એમાં આપણી સ્વાસ્થ્યની ચિંતાનો સૂર છે.

વૃક્ષોને પોતાનો ખોરાક બનાવવા માટે કાર્બન ડાયોક્સાઈડની (અંગારવાયુની) જરૂર હોય છે. જે પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા દ્વારા હવામાંથી શોષે છે અને ઓક્સિજન - પ્રાણવાયુ હવામાં છોડે, તે જ્યારે આપણે જંગલમાં ફરીએ, વસીએ, સ્નાન કરીએ ત્યારે આપણા માટે સહજ ઉપલબ્ધ બને છે.

રોજ ચાણોદની આસપાસ થોડ કિ.મી.ની મુસાફરી કરી, નર્મદાના કિનારે આવેલા અલગ અલગ સ્થળોની મુલાકાત લેતા. આ રસ્તાઓ વૃક્ષાચ્છાદિત હોઈ મે માસમાં પણ અમે ગરમીથી પરેશાન ન થયા. એ.સી. બંધ કરીને ખુલ્લી બારીઓમાંથી એ વિવિધ મહેકને માણતા માણતા પ્રવાસનો આનંદ લીધો. હાઈ-વે પરના સર્વે વૃક્ષીય આચ્છાદન હટી જતાં ઘડીક આરામ કરવા કે ભાંથું ખાવા પણ પ્રવાસીને છાંયા માટે તલસવું પડે છે. આપણે હરિયાળી, છાંયડો અને ઔષધીય મહેકથી મળતા લાભો ગુમાવીને અનારોગ્ય તરફ ઢસડાઈ રહ્યા છીએ. ઓક્સિજનનો સ્ત્રોત અને કાર્બન ડાયોક્સાઈડનો શોષક ગુમાવીને આપણે ગાડીઓની સ્પીડ માણીને એક્સિડન્ટની તૈયારીઓ કરીએ છીએ.


તમારા જીવનના સર્વે શુભ પ્રસંગમાં
સહભાગી થવા ઉત્સુક
રિશી ફુડસ એન્ડ સર્વિસ
સદા સર્વાંગી સેવા કરીને
ધન્યતા અનુભવશે
Rishi Foods
We Cater all Types of Veg. Cuisine
(Maxican - Italian - Burmese etc.)
Chintan Shah (Lodaya) : 9619681919 Tel.: 022- 321 09097
Email : chintan_shah72@yahoo.com
Office : Sardar Pratap Singh Industrial Estate No. 3,
Shop No. 7, Opp. Panalal Compound,
L.B.S. Marg, Bhandup (West) Mumbai - 400 078



Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

વિહારીભાઈના લેખમાંથી એક ફકરો અહીં ઉતારું છું: અમેરીકામાં કેલિફોર્નિયાના સીએરા નેવાડામાં કામ કરતા સંશોધકોને પર્વતાળ જંગલોની હવામાં ૧૨૦ રસાયણો માલૂમ પડયાં છે. અલબત્ત, તે પૈકી ૭૦ને જ પારખી શકાયાં છે. તેનો અર્થ એ થયો કે આપણે શું શ્વાસમાં લઈએ છીએ તેને જ આપણે જાણતા નથી!



આપણે જંગલો ગુમાવીએ છીએ ત્યારે આપણને ખબર નથી હોતી કે આપણે શું ગુમાવીએ છીએ! જંગલની હવામાં રસાયણો માટીમાંની ફૂગ અને બેક્ટેરિયામાંથી આવતાં હોય છે. એટલે જ માટીની સુગંધ આહ્‌લાદક હોય છે. પરંતુ મોટા ભાગના રસાયણો વૃક્ષોમાંથી આવતાં હોય છે. વૃક્ષો તેના પાંદડાંની કોશિકાઓ વચ્ચે ખાનાં ધરાવતા હોય છે. આ ખાનાંમાંથી ઉડયનશીલ કાર્બનિક અણુઓ વૃક્ષો છોડતા હોય છે.

શા માટે વૃક્ષો આ રસાયણો હવામાં છાડે છે? તે માટે ઘણાં વાદ છે. વૃક્ષો પોતાનાથી જીવાતો દૂર રાખવા આ રસાયણોને છોડતાં હોય છે તેવી શક્યતા છે. અથવા તો તે વૃક્ષોની ચયાપચયની પ્રક્રિયાની આડપેદાશ હોય તે શક્ય છે. વૃક્ષોને ઉત્સર્ગ તંત્ર નહીં હોવાથી આ રીતે તેને હવામાં છોડતાં હોય તે શકય છે.

આ રસાયણો દ્વારા વૃક્ષો આપણી સૂઝ-સમજમાં બદલાવ લાવતાં હોય તેમ વિચારવું અસ્થાને નથી. ઉડ્ડયનશીલ દ્રવ્યોનું હવામાં બાષ્પીભવન થાય છે. તે આપણાં નાકના માર્ગે દાખલ થઈ ચેતાકોષોના સંસર્ગમાં આવે છે. આ ઘ્રાણ ચેતાકોષો આપણાં મગજના અમુક તંત્રને સીધેસીધા સંદેશ પહોંચાડે છે. આ તંત્ર એવું છે જે જાતીયતા, યાદદાસ્ત અને આક્રમકતાની સહજ લાગણી પ્રેરે છે. મગજના આ તંત્રને **લિમ્બિક સિસ્ટિમ** કહે છે. આ તંત્ર આપણાં ભૌતિક શરીરને અસર કરે છે. આવી અસરો થાય ત્યારે આપણને નથી લાગતું કે તે કશુંક સૂંઘવાથી થયેલ છે.


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**


વૃક્ષો જે રસાયણોના અણુઓ છોડે છે તે માત્ર આપણા નાકમાં જ ઊંચે ચઢતા નથી; પરંતું તેઓ આપણાં ફેફસામાં જતી હવાનો ભાગ હોય છે. ફેફસામાં પહોંચી ગયા પછી કેટલાક અણુઓ આપણાં શરીરના રક્તપ્રવાહમાં ભળે છે. આમ જંગલની મીઠી હવા આપણે શ્વાસમાં ભરતા હોઈએ ત્યારે જંગલ આપણા શરીરનો ભાગ બની જાય છે.

શિન્‌રિન - યોકું ખરેખર સબળ ઉપચાર - પદ્ધતિ છે. આ પૃથ્વી પર અસંખ્ય વનસ્પતિ અને સજીવોની પ્રજાતિઓ છે. આ જીવસૃષ્ટિ જાળાં (વેબ) જેવી છે. તેનાં તંતુઓ દરેક જીવને અડે છે. જીવસૃષ્ટિને એક શરીર ગણીએ તો આપણે તે શરીરનું અંગ છીએ. ***ચાલો ત્યારે, ક્યારે ઉપડો છો? સ્વસ્થતા મેળવવા શિનરિન - યોકુ માટે!***

## અંતરજી શ્રધ્ધાંજલિ



**સ્વ. શ્રી વીરચંદભાઈ લાલજીભાઈ પટેલ લોડાયા**

**(સાંધવ) ગાંધીધામ**

અરે અઈં હોવા પટેલેં જા પટેલ,
હાણે અસીં ચોં કેં કે ??
વાહ પટેલ વાહ... કડાં અઈં ભથી બ્યા
રેંયાણેજા રાજા, સચે ઘલજા ઘુલા
માનવતાવાદી મોભી, અઈં ધોસ્તી છડેબ્યા
સમયજા સજાગ, મહેનતકશ મોવાડી
આંજી ખોટ ખરી પઈ, હાણેં સોંણે મેં તા સંભારીયું
આજી અનમોલ આત્મા કે શાંતીલા પ્રાર્થના

**શ્રધ્ધાંજલિ**

**શ્રી લબ્ધિ કુમાર ભવાનજી કાનજી મોમાયા પરિવાર**

**શ્રી ભલારા દાદા એસ્ટટે એજન્સી ગ્રુપ (પરિવાર)**

**સન ડેવલોપર્સ J.P.M.C. બિલ્ટ લાઈન ભુજ - અમદાવાદ**



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૪૦)
- **સોમ ધરમશી** (કચ્છ)-09726776627

## મરમ જા મોતી - ૪૨

**જેડા નયજા નીર 'તેજ' તેડો સંત આચાર**
**ઘુડંકે ખણધા વિઞેં રખી અછી આટાર**

શબ્દાર્થ : નયજા = નદીનાં, નીર = પાણી

ધુડ = ધુળ-માટી, આટાર = નાદીનાં પટમાં વિશિષ્ટ પ્રકારે કુદરતી મળી આવતો ચળાયેલો કાંપ, જેને કચ્છી ભાષામાં આટાર કહેવાય છે અને તે બાંધકામમાં ઉપયોગી છે.

**ભાવાર્થ :** સંત, સાધુ, સતી કેવા હોવા જોઈએ. તેમના આચાર - વિચાર કેવા હોવા જોઈએ? આ સનાતન પ્રશ્ન આપણને સતાવતો હોય છે. સંસારની મોહમાયા તજી, લોકોને સદઉપયોગી જ્ઞાન આપતા, ઈશ્વર ભક્તિમાં લીન મનુષ્યો સંત - સતી સાધુ-પરુષ કહેવાય છે. ભવ્ય ભારતના ભૂતકાળમાં આ સંસાર સાગર તરી જવા પ્રેરણા આપનાર ઘણા સંતો થઈ ગયા. દા.ત. સંત કબીર, જ્ઞાનેશ્વર, રામદાસ, ભાણદેવ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગંગાસતી ઈત્યાદી. તો આજકાલનાં જમાનામાં સંતમાંથી સૈતાન બનનાર બાપુ આશારામ જેવા પણ મળી આવે છે. તો સાચો સંત કોને કહેવો? તેની વ્યાખ્યા શું? તેના આચાર - વિચાર શું?

કવિ ડો. સુરેશ દલાલે કહ્યું છે, જે શાંતિ પમાડે તે સંત. સંત કવિ નરસિંહ મહેતાએ પ્રખ્યાત ભજનમાં સંત એટલે કે સાચા વૈષ્ણવની ઓળખ કરાવતાં લક્ષણો ***વૈષ્ણવજન તો તેને રે કહિયે*** માં વર્ણવ્યાં છે.

જેમનું શ્રી ગોકુળ પરિવાર ટ્રસ્ટ તરફથી કચ્છી ભાષાની આજન્મ સેવા માટે સન્માન દિ. ૮ ડિસેમ્બરના કરવામાં આવનાર છે એવા આપણા કવિ શ્રી '**તેજ**' ગ્રામ્ય જીવનની સંસ્કૃતિમાં ઉછર્યા છે, તેથી કુદરત સાથે તેમનો હંમેશા નાતો રહ્યો છે. જેનો લહાવો લાક્ષણિકતાથી સભર ઉપમા કે રૂપકના રૂપમાં તેમનાં સાહિત્યમાં મળે છે.

કવિ ઉપરની પંક્તિમાં સંતને નદી સાથે સરખાવે છે. નદી તેમાં પધરાવાતો કચરો કે કિનારા પર ફેંકાયેલા કચરાને પોતાની સાથે તાણી જાય છે અને પોતાના પેટાળમાં આટાર છોડતી જાય છે. નદીના બીજા પણ વિશિષ્ટ ગુણો છે, તેથી ભુતકાળમાં કંઈ કેટલીક સંસ્કૃતિઓ નદી કાંઠે વિકસિત થઈ હતી. એ પીવા પાણી આપે છે... ખેતી માટે નીર પૂરા પાડે છે.. વિજળીનાં ઉત્પાદનમાં પોતાનો ભાગ આપે છે...

નદીની માફક સંતો પણ આપણા જીવનમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, માયા રૂપી કચરાનું નિર્મૂલન કરી, નિર્મોહી જીવન જીવી સંસાર સાગર તરવાની પ્રેરણા આપે છે.

સંત કવિ સુરદાસ જે પ્રકૃતિ પ્રેમી છે તે વૃક્ષનાં પ્રતીકથી જીવન જીવી જવાની સુંદર રાહ દેખાડે છે. આ સંત કવિની અમર રચનામાંથી પ્રેરણા લઈ આપણા જીવનને ધન્ય બનાવીએ:

**ધુપ સહત અપને સિર પર ઔર કો છાંહ કરત હૈ**
**જો વાહી કો પથર ચલાવે તાહી કો ફલ દેત હૈ**


શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


## ૮૬મા વર્ષે પૂરુ કર્યું જૈનિઝમમાં MA



અમદાવાદના ૮૬ વર્ષના મુનભાઈ શાહે થોડા સમય પહેલાં જ જૈનિઝમમાં MA (માસ્ટર ઓફ આર્ટ્સ) ની ડિગ્રી મેળવી હતી. ગત ગૂજરાત વિદ્યાપીઠના ૬૦મી કોન્વોકેશન સમારોહમાં તેમને આ ડિગ્રી ચાન્સેલર નારાયણ દેસાઈના હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે કુલ ૮૩૭ સ્ટુડન્ટ્સને ડિગ્રી એનાયત થઈ હતી.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

## સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ મોકલો. એ પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. કુંડલી-ફોટા અમને મોકલવા નહીં. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી. આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ કોલમવાર ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૫૫૭ | ૫૫૮ | ૫૫૯ | ૫૬૦ | ૫૬૧ | ૫૬૨ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | સ્ત્રી | સ્ત્રી | સ્ત્રી |
| ૨ | નુખ/અટક/ઓળખ | મોમાયા | શિયાળ | નાગડા | પોલડીયા | લોડાયા | પોલડીયા |
| ૩ | જન્મ તારીખ | ૧૫.૦૪.૯૦ | ૨૯.૦૯.૮૩ | ૧૨.૧૦.૮૮ | ૦૩.૦૯.૯૧ | ૨૮.૦૧.૮૯ | ૨૨.૦૯.૮૬ |
| ૪ | વય (વર્ષ) | ૨૪ | ૩૦ | ૨૫ | ૨૩ | ૨૪ | ૨૬ |
| ૫ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૩'' | ૫'-૭'' | ૫'-૨'' | ૫'-૧'' | ૫'-૧'' | ૫'-૨'' |
| ૬ | વજન (કી.ગ્રા.) | ૫૩ | ૫૫ | ૭૫ | ૫૦ | ૫૫ | ૪૬ |
| ૭ | વર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| ૮ | શિક્ષણ/અભ્યાસ | B.com/M.com ચાલુ | H.S.C | M.B.A. Fin. | B.Sc Com. | M.B.A. | M.B.A. B.E. (CS) |
| ૯ | નોકરી/ધંધો | ધંધો | ધંધો | ધંધો | નોકરી | નોકરી | નોકરી |
| ૧૦ | હાલ વસવાટનું ગામ | ધુલિયા | અમદાવાદ | મુંબઈ | વડકારા કેરલા | મુંબઇ | ઈંદોર |
| ૧૧ | પાત્રના શોખ | - | સ્પોર્ટ - ડાન્સ | વાંચન | - | વાંચણ પ્રવાસ | વાંચન |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૩૫૦૦૦ | ૨૦૦૦૦ | ૪૦૦૦૦ | - | ૨૦૦૦૦ | - |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | છુટાછેડા | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો ? | ના | ના | હા | હા | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે ? | ના | ના | હા | હા | ના | હા |
| ૧૭ | ફોટો મળશે ? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | સામેના પાત્રનું અપેક્ષિત શિક્ષણ | એસ.એસ.સી | સુશિક્ષિત | ગ્રેજ્યુએટ | - | સુશિક્ષિત | સુશિક્ષિત |
| ૧૯ | તમારી પાત્ર અંગે વિશેષ પસંદગી/અપેક્ષા | સુશીલ-સંસ્કારી મિલનસાર | સુશીલ-સંસ્કારી મિલનસાર | સંસ્કારી મિલનસાર | મિલનસાર-સંસ્કારી | મુંબઈમાં સેટલ | સુશીલ મિલનસાર |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | મિલનસાર | હસમુખો સ્વભાવ | પરિવારપ્રેમી મિલનસાર | મિલનસાર | મિલનસાર | પરિવારપ્રેમી ભણેલો |
| ૨૧ | સીધો સંપર્ક ઇચ્છતા હો તો ફોન નં.(સ્વૈચ્છિક) | 9763711166 9022336890 | 0251-230450 | 9821065709 | - - | 9823792220 | 9303235505 9303692141 |

**આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)**

મોકલનાર વાલીનું નામ : ______________ ઉમેદવારનું નામ : ______________

સરનામું : ______________

______________ ફોન : ______________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ______________ સહી : ______________

## વિચાર પ્રેરક હળવો લેખ : જૈનોનો જોટો નહીં જડે રે લોલ - *સાંઈરામ દવે*

'જૈન ધર્મ,' આ શબ્દ કરતાં જૈન એ જીવન જીવવાની શ્રેષ્ઠ ફિલસૂફી મને લાગી છે. પર્યુષણનાં પાવન પર્વ મિચ્છા મી દુક્કડં કહીને ક્ષમા પ્રાર્થવાનું આ પર્વ જૈન ફિલસૂફીની જગતને અમૂલ્ય ભેટ છે. મારું અંગત માનવું છે કે આ જૈન ફિલસૂફીમાંથી જ ખ્રિસ્તીઓનું કન્ફેશન પાયરસી કરવામાં આવ્યું હશે.

દેશ-વિદેશમાં જૈન સૌશ્યલ ગ્રુપ કે જૈન જાગૃતિ સેન્ટરમાં પર્ફોરમન્સ ન આપ્યો હોય એવો કોઈ કલાકાર જ નહીં હોય. ભલે બજેટ આદિકાળથી ઓછું હોય છે,પણ પ્રોગ્રામની ક્વૉન્ટિટી અને કદર કલાકારને જૈન ઑડિયન્સમાં ખૂબ મળે છે.

કચ્છના પૂ. કલાપૂર્ણસૂરીજીએ એક વ્યાખ્યા કહી હતી, જે મને ખૂબ ગમીહતી કે જીવો, કોઈ પણ ભોગે જીવો - એ પશ્ચિમની સંસ્કૃતિ છે. જીવો અને જીવવા દો ભારતની સંસ્કૃતિ છે, પરંતુ તમે જીવો અને જે જીવવા માટે અસમર્થ છે એને જીવવાનું સામર્થ્ય આપો એ જૈન સંસ્કૃતિ છે.

હળવાશમાં કાયમ કહું કે વાણિયા એટલા ભગવાનના ભાણિયા. આપણું દેશી ઓઠું છે કે અગમ બુદ્ધિ વાણિયા, પછમ બુદ્ધિ બ્રાહ્મણ, તર્કબુદ્ધિ તરકડો, ધુસ્તો મારે ધમ્મ! ક્યાં સલવાઈશું એની અગમચેતી માત્ર જૈનોને હોય છે. આ વાણિયા ઈ સાવચેત કોમ છે. ઈ બેહીને સૂવે છે. એટલે જ જૂની કહેવતમાં કહેવાયું છે કે સોનું કોઈ દી કટાય નહીં અને વાણિયો કોઈ દી વટલાય નહીં.

મુંબઈના ઍરપોર્ટ પર ઘાસલેટના ડબ્બા જેવડા અક્ષરે લખ્યું છે કે ભારત કે અચ્છે નાગરિક બનિએ (બનિયા-વાણિયા) આમ ગણો તો આ ગવર્નમેન્ટ અપ્રૂવ્ડ કોમ છે. વાણિયાનો દિકરો રૂપિયો પણ કોઈને ખોટી રીતે ન આપે. તેનાં દાન બહુ બુદ્ધિપૂર્વકનાં હોય છે. મેવાડના ભામાશાથી લઈ કચ્છના જગડુશા. એવા ઘણા દાખલા મોજુદ છે.

આપણી ગુજરાતી ભાષા તો જૈન ધર્મના ઋણમાં છે. પૂ. હેમચંદ્રાચાર્ય સૂરિજી જો આ સમાજે ન આપ્યા હોત તો સિદ્ધહેમ શબ્દાનુ શાસન ક્યાં બનવાનો હતો? તો આપણે બધા કોક બીજી ભાષામાં આ પ્રકાશ-સમીક્ષા વાંચતા હોત!

તમને યાદ તો છેને દોસ્તો વિ.સં. ૧૧૮૫માં આચાર્ય શાલિભદ્રસૂરિજીએ લતેશ્વર બાહુબલિરામ લખ્યો, જે ગુજરાતી ભાષાનું પ્રથમ કાવ્ય હતું. મધ્યકાલીન યુગમાં ૨૦૦૦ જેટલા કવિઓ અને લેખકોમાંથી સિત્તેર ટકા જૈન સમાજમાંથી હતા. જોકે બિઝનેસ અને રૂપિયાની હોડ વાંહે અત્યારે આ કલાની સરવાણી સુકાઈ ગઈ છે એનો મને રંજ છે. મોહનદાસ ગાંધી ન મળ્યા હોત તો હજી ભારત ગુલામ હોત અને ઝવેરચંદ મેઘાણી ન મળ્યા હોત તો આ લોકસાહિત્ય ક્યાં જીવતું હોત? આમ વાણિયા ભલે માત્ર વ્યાપારી અને સુંવાળી કોમ ગણાય છે, પરંતુ તલવાર જેની રક્ષા નથી કરી શકી એવી સંસ્કૃતિ અને સાહિત્યને જૈનોએ કુશાગ્રબુદ્ધિથી જિવાડયાં છે.

એક સાક્ષરે ગોંડલના જૈન નગરપતિ ગોવિંદભાઈ દેસાઈને એક વાર કહેલું કે ચાલો, આપણે બુદ્ધિની લડાઈ કરીએ. ત્યારે ગોવિંદભાઈએ મસ્ત જવાબ આપેલો કે દાદા, હું નિઃશસ્ત્ર પર ઘા નથી કરતો (જોકે દાદાને હજી સુધી આ જવાબ સમજાણો નથી).

હળવી શૈલીમાં હું કાયમ જૈનો વિશે કહું કે તેઓ આખા દેશમાં એક ટકો કૉમ્યુનિટી હોવા છતાં ગામડાના વીસ રૂપિયાની ભેળવાળાને પણ લખવું પડે કે 'જૈન ભેળ' મળશે. આ એમના ધર્મની તાકાત છે. ક્યાંય કોઈ દુકાને તમે બીજી કોઈ કોમના નામની ભેળ કે રગડો પેટિસનાં નામ વાંચ્યાં? અરે એમની તો ચૅનલ પણ છે. જૈન ટીવી. વળી બજારમાં ફોર વ્હીલર પણ છે, 'જૈન મારુતિ!' એ ગાડીમાં ચોવિહાર કરી લેવા ફરજિયાત છે. નહીંતર ઊભી રહી જાય હોં! ગઈ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

૫૮ વર્ષનાં દિક્ષા પર્યાયમાં અનેકોને ધર્મ પમાડી સન્માર્ગે લઈજનારા પરમપુજ્ય વરિષ્ઠ સાધ્વી શ્રી ચારુલતા મ.સા.ની પ્રેરક સ્મૃતિને વંદના. તેમનો દિવ્ય આત્મા મોક્ષેજઈ પરમસુખ પામે તેવી અભ્યર્થના.

- ચીમન મોતા

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI™ Continental
MADHUBAN - JHARKHAND

દિવાળીએ તો અમારા ગોંડલમાં એક દુકાને જૈન ફટાકડા વેચાતા હતા. હું તો કોથળો ભરી આવ્યો, ઘરે ટ્રાય કરી, પણ ફુટ્યા જ નહીં. દુકાનદારને ફરિયાદ કરતાં તેણે મસ્ત જવાબ આપ્યો કે ભાઈ, આ જૈન ફટાકડા છે, અહિંસક જ હોય, આમાં ધડાકો પણ ન થાય અને ધુમાડો પણ ન નીકળે. પછી તો મેં મારી ઘરવાળીને કહ્યું કે લે ફ્રોઈડ! આ તો પલંગ માથે ફોડવામાં પણ નુકસાન નથી.

વાણિયાનો દિકરો પશુપાલન ન કરતો હોવા છતાં મને એ ગૌરવ સાથે કહેવા દ્યો કે ગુજરાતની આશરે બે હજાર જેટલી પાંજરાપાળો કે ગૌશાળાઓ જીવતી હોય તો એમાં મુખ્ય દાન જૈનોનું હશે! કચ્છના કલાપૂર્ણસૂરિજીએ કારગિલના શહીદો માટે ખૂબ મોટું દાન એકઠું કર્યું હતું. પંન્યાસ ચંદ્રશેખરજીએ દીવાદાંડી બનીને લોકોને જીવનરાહ ચીંધાડયો એ કેમ ભુલાય!

વળી પૂ. નમ્રમુનિજીએ આ ફેસબુક જનરેશનને જૈનિઝમ તરફ વાળી છે એ સૌને સો સલામ. દોસ્તો, તમને યાદ તો છે ને ક્રાન્તિકારી વીર લાલા લજપતરાય જૈન હતા! પ્રખર ચિંતક ઓશો રજનીશ અને શિરમોર વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈ પણ જૈન સમાજનાં રત્નો હતાં.

જોકે અત્યારે જૈન સમાજ લખલૂટ ખર્ચો કરી મહોત્સવો અને શોભાયાત્રા કરી રહ્યો છે. પાંચ વરસ માટે એ ખર્ચો જો યોગ્ય વિદ્યાર્થીઓને એજ્યુકેશન લોન પેટે અપાય તો આવનારાં વીસ વરસમાં એક હજાર આઈએએસ અને આઈપીએસ જૈન સમાજ આપી શકે, આવી શ્રધ્ધા અસ્થાને નથી.

તમામ જૈનોને પ્રાર્થના કે માત્ર જીવજંતુ માટે અહિંસા રાખો છો એવી માણસો માટે પણ દાખવજો વહાલા!

નવકાર મંત્ર એ માત્ર જૈનો માટે નથી. આ સમગ્ર વિશ્વનો કલ્યાણકારી મંત્ર છે. જૈનેતર માટે પણ એટલો જ સિધ્ધ અને સાર્થક છે. એક વીક ચોવિહાર પાળી બતાવે અને દવાખાને ન જ જવું પડે એ ગૅરન્ટી. એટલે કહેવાય છે કે વાણિયાની નાત ઝટ માંદી નથી પડતી, કારણ એની ફૂડ રેસિપી ખૂબ સાયન્ટિફિક છે. એટલે જ તો વાણિયાઓ હૉસ્પિટલમાં દરદી બનીને નહીં, પરંતુ દાતા બનીને આવે છે.

શ્રી ક્લૅપ્સ ફૉર ઑલ જૈન. જૈન ફિલસૂફીને દિલથી સન્માનું છું, છતાં આ લેખમાં કોઈનું દિલ દુભાયું હોય તો મિચ્છા મિ દુક્કડં... જય જિનેન્દ્ર.

***(મિડ - ડે માંથી સાભાર)***

## દિવાળી પછીના પખવાડિયામાં જ કચ્છ એસ.ટી.ને ૪ કરોડની વિક્રમી આવક

કચ્છના એસ.ટી. ડિવીઝનને આ વખતનું દિવાળી વેકેશન બરાબરનું ફળ્યું છે. દિવાળી પહેલાં પણ પ્રવાસીઓની આવન - જાવનના કારણે સારી એવી આવક રળી લેનારા કચ્છના એસ.ટી.ડિવીઝનને દિવાળી પછીનું પખવાડિયું પણ તેજીના ધંધા સમાન બની રહ્યું છે. આ વખતનું વેકેશન એસ.ટી.ને બરાબરનું ફળ્યું હોય તેમ છેલ્લા પંદર દિવસમાં જ કચ્છના એસ.ટી.ડિવીઝને રૂપિયા ૪ કરોડ જેવી અત્યાર સુધીની વિક્રમ આવક મેળવી છે.

## ભૂલ સુધાર

પ્રકાશ સમીક્ષાના અંક નં ૪૯માં ૧૩મા અને ૧૫મા પાના પર છપાયેલા લેખ **પ્રત્યક્ષ દાન**ના લેખિકા **શ્રી ગીતા જૈન** છે.

પ્રકાશ સમીક્ષાના અંક નં ૪૪માં ચર્ચાના ચોતરે વિભાગમાં પ્રગટ **શોક પ્રદર્શનમાં કર કસર** ચર્ચાપત્રના લેખક મેઘજી ભણાજી (પોલડીયા) શાહ છે.


## શ્રી ડાઘા - માલદે ખેરાણી - દલતુંગી પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની સાતમી પહેડી

**શુભ દિવસ : પૌષ વદ ત્રીજ રવિવાર તા. ૧૯.૦૧.૨૦૧૪**
**શુભ સમય : સવારના ૦૭.૦૦ થી સાંજના ૦૭.૦ કલાકે**
**શુભ - સ્થળ : શ્રી મોમાઈમાં કૃપા વાડી, પ્રાઈડ પાર્ક, લૉકિમ કંપનીની સામે આર મોલની બાજુમાં, માનપાડા, ઘોડબંદર રોડ, થાણે (વે)**

**વિશેષ નોંધ : ૧.** પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓને તેમનાં નામ અને ધોરણ વર્ષાબેન મો. ૯૦૨૯૭૮૩૬૨૭, ભાવિનીબેન મો. ૯૮૬૭૪૨૦૯૪૪ ને સમયસર લખાવવા નમ્ર વિનંતી છે.

## આરોગ્ય પ્રકાશ : પાકાં ટામેટાં

ટામેટાંમાં વિટામિન એ.બી.સી.ડી. ભરપૂર પ્રમાણમાં છે. વિટામિન, ખનીજ, લવણથી સભર રોગપ્રતિકારક અને ઍન્ટિ ઑક્સિડેન્ટ છે. ટામેટાં પ્રાકૃતિક શક્તિશાળી ટૉનિક છે.

તેમાંનું વિટામિન - C સંતરા કરતાં ચઢિયાતું છે, જેમાં અનેક પ્રકારનાં ખનીજ, લવણ જેવા લોહ, કૅલ્શિયમ, ફૉસ્ફરસ, પોટેસિઅમ, મૅગ્નેસિઅમ અને સોડિઅમથી તરબર છે. લોહ અને વિટામિન-C ભરપૂર હોવાના લીધે લોહતત્વ સારા પ્રામાણમા મળે છે, જેથી હાઈબ્લડ પ્રેશર નિયંત્રણમાં રહેછે. દૂધથી બે ગણું અને ઈંડાથી પાંચગણું લોહતત્ત્વ છે. લોહ અને વિટામિન-C ના લીધે હાડકાં અને દાંત મજબૂત થાય છે. મોમાં છાલાં પડે તે મટાડવા માટે પણ ઉપયોગી છે, જેમાંનાં નિયાસિન અને ફૉસ્ફરસના લીધે નાડીસંચાલન મજબૂત થાય છે. ટામેટાંમાંની ખટાશ લોહીસુધારક છે. તેના રોજ ઉપયોગથી ચામડી મુલાયમ અને ચમકદાર રહે છે.

રોજ એક ગ્લાસ ટામેટાસૂપ પીવાથી ચહેરા પર લાલિમા આવે છે. ટામેટાંમાં કોપરાનું તેલ મિલાવી માલીશ કરવાથી ખુજલી મટે છે. ખટાશના કારણે મધૂમેહ (ડાયાબીટીસ) ઉત્તમ સંહારક છે. તે પાચનશક્તિને વધારે છે તેમજ મોટા આંતરડાને તાકાતવાળા બનાવ છે. તેનાંથી ભૂખ સારી લાગે છે. કબજિયાત થતી નથી, ગૅસ થતો નથી અને પેટ સાફ રહે છે.

તે માનસિક શક્તિ અને યાદદાસ્તને પણ મજબૂત કરે છે. તેમાંના વિટામિન A ના કારણે હૃદયરોગ સામે પ્રતિકારશક્તિ વધારે છે, જે સ્ટૉકના જોખમને ઘટાડે છે. ટામેટાંમાંના લાસોપેનના લીધે કોશોનો બચાવ થાય છે.

– **કુમાર** *માંથી સાભાર*

## શ્રી લાપસીયા બંધુ મંડળ – હાલાર દ્વારા આયોજીત
## લાપસીયા પરિવારની ૨૦મી પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે હાર્દિક આમંત્રણ

**શ્રી લાપસીયા બંધુ મંડળ - હાલાર દ્વારા આયોજીત લાપસીયા પરિવારની ૨૦મી પહેડી તથા સ્નેહમિલન**

**સ્નેહભર્યું નોતરું :** સર્વે ભાવિકો અને લાપસીયા પરિવારની નિયાણી બહેનોને તથા આમંત્રીત મહેમાનોને સહકુટુંબ પધારવા તથા પ્રેમથી માતા દર્શન, વંદન, પ્રસાદનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે.

**કાર્યક્રમ :**

● માતાજીનું સામૈયું ● માતાજીને પોંખવાનું ● માતાજીની મંચ પર સ્થાપના ● ભક્તિ આરાધના ● નૈવેદ્ય અને માતાજીની આરતી ● રાસ-ગરબા ● સાંસ્કૃતિક પ્રોગ્રામ

**પહેડીના લાભાર્થી પરિવાર**

**સ્વ. મેઘજી ગાંગજી લાપશિયા હસ્તે માતુશ્રી રતનબેન લખમશી ગાંગજી લાપસીયા પરિવાર**
દલતુંગીવાળા

**સ્વાગતોત્સુક**

શ્રી દિનેશ લખમશી લાપશિયા ● શ્રી ગુલાબ લખમશી લાપશીયા ● શ્રી ચંદ્રેશ લખમશી લાપસીયા

**શુભ દિવસ :**

રવિવાર તા. ૧૨-૦૧-૨૦૧૪ સવારના ૯. કલાકેથી

**શુભ સ્થળ :**

હોરીઝોન બેંકવેટ (હોલ), શનિ મંદિરની સામે, માનપાડા રોડ,
શંખેશ્વર નગરની બાજુમાં, ડોંબીવલી પુર્વ ૪૨૧૨૦૧

**આરઝું :**

લાપશીયા બંધુ મંડળ દ્વારા આયોજીત લાપસીયા પરિવારની ૨૦મી પહેડીનો લાભ અમને મળ્યો છે તે બદલ સમસ્ત લાપસિયા પરિવાર ના અમે આભારી છીએ.

**નોંધ : જે કોઈ ભાઈ – બહેનને પહેડી સમયે સાંસ્કૃતિક પ્રોગ્રામ આપવાની ઈચ્છા હોય તે કમીટી સભ્ય શ્રી નરેન્દ્રભાઈ લાપસીયા મો. ૯૧૭૨૪૫૦૫૩૦ પર સંપર્ક કરવો.**




**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## લાલકા પરિવારના કુલદેવીની પહેડી

વારપધ્ધરમાં કુલદેવી ચામુંડા માતાજીને નમતા લાલકા પરિવારની પહેડી નિમિત્તે તા. ૧૬.૧૧ના સાંજે શ્રી ભલારાદાદા ના પાઠ તેમજ શ્રી મહાકાલી માતાજીની ભાવના સાથે થઈ. તા. ૧૭.૧૧ સવારના હોમ હવન તેમજ પહેડીનો કાર્યક્રમ સારી રીતે થયેલ. સેંધવા, પુના, જલગાંવ, ધુલીયા, મુંબઈ, ગાંધીધામ, આદીપુર અને વડોદરાથી કુલ ૧૦૦ ભાવિકો પધારેલ.

પહેડીના દાતા. ગુણવંતીબાઈ કાનજી લાલકા હસ્તે. રાજેશ કાનજી લાલકા પરિવારે લાભ લીધેલ. વ્યવસ્થાપક : કાંન્તીલાલ, રાકેશ અને લવકુમારે સંભાળેલ.

## શ્રી નાંદેડમાં ચાતુર્માસમાં ધર્માઆરાધના

નાંદેડ નગરે આ વર્ષે અચલગચ્છાધિપતિ શ્રીના આજ્ઞાવર્તિની પરમવિદુશી પ.પૂ. પુણ્યોદય શ્રીજી મ.સા.ના પ.પૂ. સંયમગુણા શ્રીજી મ.સા. આદિ ગણા ૪નું ચાતુર્માસ હતું સંઘમાતા માતુશ્રી મધુબેન કુલીનકાંત નાગડા હતા. શ્રાધ્ધદિનકૃત્ય સૂત્ર તથા વીર અચલકુમાર ચરિત્ર વહોરાવવાનો લાભ શ્રીમતી કસ્તુરબેન વીરચંદ શિયાળે લીધેલ.

પુણ્યશ્રીની નિશ્રામાં નવકાર મહામંત્રની પીઠીકા સહ લબ્ધિ કુંભની સ્થાપના, ૧૦૮ દિવસ જાપ અભિયાન સાથે પૂર્ણ થયું. સ્થાપનાનો લાભ માતુશ્રી મધુબેન કુલીનકાંત નાગડા પરિવાર લીધેલ.

૪૫ આગમ પૂજન પ્રદિક્ષણા અનુષ્ઠાન, નાનાઓની વેશભૂષા હરીફાઈ, શાંતિકર સ્ત્રોત્રના અખંડ અભિષેક, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, દર રવિવાર બાળકોની શિબિર, ૧૦૦ દિવસ નિયમ અભિયાનમાં ૫૦ બાલક - બાલિકાઓ જોડાયા. તેઓને પ્રભાવના માતુશ્રી મધુરીબેન મૂલચંદ લોડાયા કચ્છ તેરાવાલા તરફથી પૂજાની જોડ તથા પૂજાની થાળી વાટકી અપાઈ. દર સોમવારના બહેનોની શિબિર રાખવામાં આવેલ.

પર્યુષણ પર્વમાં માસક્ષમણ, ૧૬ ૧૧,૯,૮ ઉપવાસ તેમજ છઠ્ઠ ને અઠ્ઠમ વિગેર તપસ્યામાં સારી સંખ્યામાં તપસ્વીઓ જોડાયા કુ. પૂજા હર્ષદ લાપસીયાના મૃત્યુંજય તપ નિમિત્તે શા. લક્ષ્મીચંદ શામજી લાપસીયા પરિવાર તરફથી ઋષિમંડળ મહાપૂજન ભણાવાયું.

પોથી પધારવવાનો લાભ શા. લીલાધર ગાંગજી લાપસીયા પરિવારે લીધેલ. પારણીયું પધારવાનો લાભ શ્રી સંજયકુમાર મદનલાલજી ભંડારી પરિવાર લીધેલ. પર્યુષણ દરમ્યાન ૮ દિવસની સાર્ધર્મિક ભક્તિનો લાભ શા. કુલીનકાંત ગોવિંદજી નાગડા પરિવારે લીધેલ.

શત્રુંજ્ય ગિરિરાજની ભાવયાત્રા કરાવવાનો લાભ શા. ચિમનલાલ આણંદજી નાગડા પરિવારે લીધેલ.

તપસ્વી રત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ શ્રી ગુણોદય સાગરસૂરીશ્વરજી મ.સા.ની ૮૧મી જન્મ તિથિએ સમુહ સામાયિક, સદ - ગુણ વંદનાવલિ તથા નીવીતપ થયેલ.

શાસન સમ્રાટ અચલગચ્છાદિપતિ મ.સા.આ.ભ. શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મા.સા.ની. ૨૫ની પુણ્યતિથીએ તથા સાદીવ

**વરાડીયામાં ડેલીબંધ મકાન વેચવુંછે**

**કચ્છના અબડાસા તાલુકામાં વરાડીયા ગામના જૈન વાસમાં આવેલ બેરૂમ હોલ કીચનનું ૯૦૦ફૂટનું આધુનિક મકાન આરસીટોપ, પાણીની ટાકી તથા ગટારની વ્યવસ્થાવાળું વેચવું છે.**

**સંપર્ક : ૦૯૩૬૩૧૦૩૦૮૯**

શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**

મુખ્ય પ.પૂ. નિરંજના શ્રીજી મ.સાની ૪થી પુણ્યતિથી નિમિત્તે શ્રી સંઘમાં ગુરુ ગુણપૂજા, ગુરુ પાટપરંપરા પૂજન, ૧૯ અભિષકે સહ ત્રિદિવસીય ઉત્સવ સાથે ૨૫ નિયમ અભિયાનમાં ૮૦ જેટલા ભાવિકો જોડાયા. સાંજે સંધ્યાભક્તિ રાખવામાં આવેલ. નિયમ અભિયાનમાં જોડાયેલા ભાગ્યશાળીઓને પ્રભાવના અ.સૌ. રાધિકાબેન ઠાકરશી રોઠીયા ભુજપૂરવાળા તરફથી આવેલ.

નમિઊણ સ્તોત્ર સહ નમિઊણ પાર્શ્વનાથ ભગવાનના મંત્ર સહિત અખંડ ૨૨ દિવસનો જાપ અનુષ્ઠાન રાખવામાં આવેલ. લાભાર્થી સૌ સંગીતાબેન સંજય ભંડારી હતા.

આસો મહિનાંની શાશ્વતી ઓળી કરાવવાનો લાભ માતુશ્રી મીઠીબાઈ મેઘજી લોડાયા લીધેલ અકે કસ્તુરીબેન પ.પૂ. ચૈત્યગુણાશ્રીજી મા.સાની દીક્ષા નિમિત્તે શ્રી સંઘમા ૪ મહિનાના આયંબિલ તપની સાંકલ ચાલી. લગભગ ૪૦૦ જેટલા આયંબિલ સંઘમી થયા. સરસ્વતી માતાજીના સવા લાખ જાપ સમુહમાં કરાવવામાં આવેલ.

ચાતુર્માસમાં થયેલ તપ - જપ - આરાધના તેમજ શાસન પ્રભાવિક પ.પૂ. પુણ્યોદયશ્રીની મા.સા.ની ૧૩ પુણ્ય તિથિ નિમિત્તે નામિઊણ પુજન, પંચ કલ્યાણક, નવકાર મહામંત્ર નો જાપ સહ ત્ર્યાન્હિ મહોત્સવ, ઉજવાયો.

નવકાર મહામંત્ર જાપના લાભાર્થી પરિવાર શા. કુલીનકાંત ગોવિંદજી નાગડા તથા શ્રીમતી કસ્તુરબેન વીરચંદ શિયાળ હતા.

કા.સુ. પુનમ ચાતુર્માસ પુર્ણાહુતિ નિમિત્તે વ્યાખ્યાન, ૧૦૮ ખમાસમણા સિધ્ધાચલ પટ સમક્ષ બાદ માળાની પ્રભાવના થઈ.

ચાતૂર્માસ પરિવર્તનનો લાભ માતુશ્રી મધુબેન કુલીનકાંત નાગડા પરિવાર લીધેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન આણંદ

આણંદમાં રવિવાર તા. ૧૭-૧૧-૧૩ ના ત્રિવેણી સંગમ જેવા કાર્તકી પૂનમ, દેવદિવાળી અને શ્રીમદ રાજચંદ્રના જન્મ દિવસો, શ્રી વિજયભાઈ વાલજી ધ્રોળના નિવાસ સ્થાને મહાકાળી માતાજીની ભાવના ઉત્સાહ - ઉમંગથી ભણાવવામાં આવી. ભાવનામાં આણંદમા વસતા જ્ઞાતિના સર્વે જ્ઞાતિજનો સહભાગી થયા હતા.

માતાજીની ભાવના બાદ સૌએ એક બીજાને નૂતન વર્ષાભિનંદન આપ્યા હતા.

મહાજનના પ્રમુખશ્રી નિતનભાઈ ધરમશીએ માતાજીની ભાવનાને શરૂ થયે આજે પાંચ વર્ષ પૂરા થયાનો આનંદ વ્યક્ત કરી માતાજીને પ્રાર્થના કરીકે આણંદ સંઘ પ્રગતિના પંથે આગળ વધે

## ભુજપુરે ગુરૂમંદિરે ૬૬મી ધ્વજા ઉત્સવ

ભુજપુર કચ્છ સ્થાને અચલગચ્છાધપતિ શ્રીપુજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિ મ.સા.ની. પુણ્યતિથી કારતક વદ ૧૦ હોઈ ૬૬મા વરસની સમાધી મંદિર - ગુરૂ મંદિરે ધ્વજા ઉત્સવ ઉમંગથી ઉજવાયેલ.

આ પ્રસંગે ખાસ જલગામના લખમીચંદ મુલજી પરિવાર, અ.સૌ. મોહીની પ્રવીણ વડોદરાના અ.સૌ. ઉષા ખિરેન્દ્ર પ્રિતેશ ઈન્દ્રકુમાર ભારતીબાઈ સહિત ભાવિકો ખાસ પધારેલ. પૂજન ધ્વજાનો લાભ લીધેલ.

આ નિમિત્તે તપ - જપ - જીવદયા પ્રવૃત્તિ અને વચનસિધ્ધ શ્રી પૂજય સાહેબના જીવનની મહાનતા બધા સમાજમાં ઓલીયા જેમ સંત મહાત્મા તેમના સાથે થયેલ પ્રસંગો ગ્રામજનો અનેયતિશ્રી એ ગુરૂવંદના શ્રધ્ધાંજલિ આપેલ. સંઘમાતા પ્રભા હેમેન્દ એ પ્રભાવના કરેલ. ભોજનાલયમાં મિષ્ટાન જમણ અપાયેલ. સૌ પુજ્ય ગુરૂદેવના સ્મૃતીસ્થાને શાંતિ મેળવી ફરીફરી દર્શને આવવા ભાવ દર્શાવેલ.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## કુલપાકજી તીર્થ યાત્રી સંઘ, હૈદ્રાબાદ જાગીરદાર પરિવાર હૈદ્રાબાદ

હૈદ્રાબાદથી કુલાપાકજી માટે દર મહિનાના પહેલા રવિવારે સંઘ કાઢવામાં આવે છે. આ વખતે સંઘમાં જાગીરદાર પરિવારના સદસ્યો જોડાયા હતા સાથે ઈતર યાત્રીઓ પણ હતા.

જાગીરદાર પરિવારના મુખ્ય આધાર સ્તંભ વડીલ શ્રી વીરપાર નરશી લોડાયાની ૧ ડીસેંબરના પુણ્યતિથી હોવાથી કુલપાકજીમાં પૂજા ભણાવવામાં આવી હતી. મુંબઈ, નાગપૂર, ઈંદૌર, રાયચુરથી સંબંધીઓ આવ્યા હતા. વડીલશ્રીને સ્મરણ કરવામાં આવ્યા હતા.

કુલપાકજી તીર્થયાત્રી સંઘના કાયમી સંઘપતિ મુંબઈના દેવયાનીબેનના પુત્રવધુ સૌ. તારા (મમતા) ભુપેન્દ્ર ગાલા, નાગપુરથી પધારેલ લેખિકા અને શીઘ્ર કવિયત્રી સૌ. ખમા (પુનમ) પ્રફુલ્લ મોમાયા, રાયચુર મહિલા મંડળના પ્રમુખ ગુણવંતીબેન મોમાયા તથા કાયમી ગૌશાલાના દાતા પદમકુમાર જૈન આદિનું સન્માન કરવામાં આવ્યા.

બસમાં સવારના નવકાર મંત્રનો જાપ, ઉવ્સગ્ગરંનો જાપ, ભકતામર પાઠ, સ્તવન ગાયા હતા. પાછા વળતી વખતે હિંદી ફિલ્મના અને દેશભક્તિના ગીતોની, અંતાક્ષરી રમાઈ હતી. નાગપૂરથી આવેલ પુનમબહેને ધાર્મિક અને બીજી ગેમો રમાડેલ.

## શ્રી કચ્છી જૈન સખી વૃંદ - ઈન્દોર

શ્રી કચ્છી જૈન સખી વૃંદ - ઈન્દોર દર વરસ મુજબ આ વરસે શનિવાર તા. ૨૩-૧૧-૧૩ના આઉટીંગ મીટીંગ રાખવામાં આવી હતી. ઈન્દોરથી બધી બહેનોએ સાથે નિકળી ૧૪-૧૫ કિ.મી. દૂર રાઉ રોડ પર શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનમંદિરના દર્શન કર્યા, દર્શન સાથે સેવા - પુજા ચૈત્યવંદનનો લહાવો લીધો.

ચેતનાબેન દંડ અને મીનાબેન છેડાએ મલીને સર્વે બહેનોને મહિલામંડલના દરેક સભ્ય બહેનોના નામ લખવાની ગેમ રમાડી, તેમાં પ્રથમ રેખાબેન ગોગરીએ ૩૧ના, દ્વિતીય દીપાબેન સોનીએ ૩૦ નામ અને તૃતીય ઈનામમાં ટાઈ થઈ જેમાં ૨૫ નામ લખી મણીબેન ગાલા અને રીનાબેન છેડા વિજેતા થયેલ. ચેતનાબેન દંડ દ્વારા પાછલી મિટીંગનો અહેવાલનો વાંચન કરવામાં આવ્યો. રમિલાબેન નાગડાએ પાણી અને વિજળીની બચત અને રીસાઈકલીંગની ટીપ્સ આપી ચેતનાબેન ધાર્મિક તંબોલા રમાડ્યો.

સૌ. હીરાબેન ધરમશી, સૌ. ગુણવંતીબેન દંડ, શ્રીમતી પ્રભાબહેન હરીયા, સૌ. મીનાબહેન છેડા અને સૌ. સરોજબહેને સંઘપુજન કર્યું.

## કચ્છ જૈન યુવાગ્રુપ ઈન્દૌર

શ્રી કચ્છી જૈન યુવા ગ્રુપ - ઈન્દૌર દ્વારા તા. ૨૪-૧૧-૧૩ રવિવારના માઈન્ડ પાવર પર એક સેમીનાર યોજવામાં આવેલ. એમાં વકતા પારસ હરીયા હતા. એમણે જીવન કેવી રીતે જીવવું અને આપણા સ્વપ્ન કેવી રીતે સાચા કરવા, એ બહુજ સારી રીતે સર્વેને સમજાવ્યું.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નાગપુર

શ્રી ક.દ.ઓ. નાગપુર દિપાવલી સ્નેહ મિલન તા. ૨૮.૧૧.૧૩ રવિવારે પુર્વી નિર્ધારેલ પ્રમાણે પ્રમુખ સતીશભાઈ લોડાયાની અધ્યક્ષતામાં કાર્ય કારિણી સર્વે સભ્યો તથા મુખ્ય દાતા શ્રી નિખીલભાઈ ખોના અને શ્રી મિલીંદભાઈ પટેલની પહેલથી સર્વ સહમતીથી નાગપૂર ક.દ.ઓ. જ્ઞાતિ દિપાવલી સ્નેહ મિલન નાગપૂરથી દૂર ૫૦ કિમો. શ્રી આદાસા ગણપતી અને આથી દૂર ૨૫ કિમો. ખેકડાના લાડમ પિકનિકનું આયોજન કરેલ. એમાં કુલ ૩૯ કુટુંબમાંથી ૨૩ કુટુંબ પરિવારના ૬૦ લોકો સહભાગી થયા. શ્રી પ્રતિકભાઈ ખોનાએ નાસ્તાની વ્યવસ્થા કરેલ.

## જૈન વેબસાઈટનો પ્રારંભ

જૈન પ્રકાશન દ્વારા સમગ્ર જૈન સમાજ માટે વેબસાઈટનો પ્રારંભ કરાયો છે. રોજરોજના જૈન સમાજમાં બનતા પ્રસંગો, સાધુ - સાધ્વીજીઓના સંદેશા, વિવિધ સંસ્થાના સમાચારો, સંઘના અગ્રણીઓના કાયમી સંપર્કો, ચાતુર્માસની યાદી એવી અનેક ખબરો દરરોજ વેબસાઈટ પર અપડેટ થતી રહેશે. આ સાથે જૈન નગરી અમદાવાદ, પાલીતાણા, મહાનગરી મુંબઈ તેમજ બેંગલોર, સુરત શિખરજી આદિ નાનાં મોટાં તિર્થો ગામો, શહેરોના સમાચારો, જૈન તહેવારોની ઉજવણી, અધિવેશન, પ્રભુજીની આંગી, સંઘયાત્રા, સંઘમેળો, પૂજન, આરતી જેવા પ્રસંગો વગેરેની ભરપૂર માહિતી નાના મોટા સહુને ખુબ ઉપયોગી થઈ પડેશે.

## રણોત્સવ ટાણે હવે હેલિકોપ્ટરથી ભુજદર્શન

દર વર્ષે કચ્છમાં યોજાતા રણોત્સવમાં સુધારા થતા જાય અને તેના કારણે પ્રવાસીઓનો પ્રવાહ પણ ધોધની જેમ વહી રહ્યો છે. હવે તો આખું વર્ષ કચ્છમાં ટુરિસ્ટોનો જમાવડો જોવા મળે છે. ત્યારે આવું જ એક નવલું નજરાણું આ વર્ષે કચ્છવાસીઓને માણવા મળશે, જેમાં આકાશી સફરના રોમાંચ સાથે તેઓ નજીવા દરે ભુજનું આકાશથી દર્શન પણ કરી શકશે.

આ નવો કન્સેપ્ટ લઈને આવ્યા છે ભુજના એક શિક્ષક દંપતી. બાળકોને ટ્યુશન આપવા સાથે સાઈડ બિઝનેસ કરવાના વિચાર સાથે તેમણે ટુરિઝમ ક્ષેત્રે કંઈ નવું કરવાનું વિચાર્યું અને આ વિચાર આવતાં તેમણે અમલીકરણ માટે પ્રયાસ શુરુ કર્યાં.

મૂળ અંકલેશ્વરના અને ભુજમાં એક વર્ષથી સ્થાયી થયેલા ૫૧ વર્ષથી શિક્ષક રમેશભાઈ ગોહિલ તથા તેમના પત્ની બીર્જુમતીએ હેલિકોપ્ટર દ્વારા ભુજના દર્શન કરાવવાનો પ્લાન બનાવ્યો છે.

વિમાનમાં બેસવાની સૌ કોઈને હોંશ હાયે છે, પણ તેટલા રૂપિયા ખર્ચવા મધ્યમવર્ગીય લોકોને પોષાય નહીં, ત્યારે લોકો હવાઈસફર કરવાનું પોતાનું સપનું પણ પુરું કરી શકે અને સાથે એરિયલ વ્યૂથી ભુજનું દર્શન પણ કરી શકે તે હેતુસર ૭ ડિસેમ્બરથી હેલિકોપ્ટર દ્વારા ભુજદર્શન શરૂ કરાવાશે.

રમેશભાઈ એ આપેલી માહીતી પ્રમાણે ભુજનું હેલીકોપ્ટર દર્શન કરતા ૧૦ થી ૧૧ મિનીટ લાગશે અને તેને માટે રૂા. ૩૭૦૦ નો ખર્ચ થશે.

## પાસ થયા - હાર્દિક અભિનંદન



**મોનિકા મણિકાંત લોડાયા**
સાંયરા હુબલી
B.E. Instrumental Technology
(Final) First Grade



**દર્શન કાંતિલાલ દંડ**
વડકારા, કેરાલા
M.B.A. 65%

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પ્રમોદ દામજી ખોના** | ૪૦૨ વિદર્ભ મહેશ કોરલ હાઈટ કોમ્પલેક્સ, સુરજ વાર્ટર પાર્ક પાસે, ઘોડબંદર રોડ, ઠાણે વે ૪૦૦ ૬૦૭ |
| **ચંદ્રકાંન્ત આર. લોડાયા** | ફ્લેટ નં. ૧૩૧૩, એલ બિલ્ડીંગ, ગાર્ડન વ્યુ એપાર્ટમેન્ટસ, કો.ઓ. હા. સો. લિ. રોયલ પાલ્મ્સ, આરે કોલની ગોરેગાવ ઈસ્ટ મુંબઈ - ૪૦૦ ૦૬૫ |
| **અભિલેશ ધનજી વિકમશી** | બી ૩૦, છઠ્ઠે માળે, વિપુલ કો.ઓ.હા.સો.લિ. ભક્તિ માર્ગ, મુલુંડ વે મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **કાંતીલાલ નરશી દંડ** | શ્રી વીલા, ૧૩/૫૨-એ, જૈન ટેમ્પલ રોડ, જૈન મંદિર પાસે, વડકારા, કેરલા -૬૭૩૧૦૧ |
| **જયેશ દામજી મૈશેરી** | શ્રી ચિંતામણી દેરાસર, હનુમાન વાસ, નગરપાલિકા ઓફીસની પાછળ, ભચાઉ કચ્છ - ૩૭૦૧૪૦ |

**નવા/બદલાયેલા ફોન નંબર**

| | |
|---|---|
| **કાંતીલાલ નરશી દંડ વડકારા** | 0496-2512312/ 09946050904 / 09037234757 |
| **રેખા કાંતીલાલ દંડ વડકારા** | 09645286860 |
| **કપીલ કાંતીલાલ દંડ વડકારા** | 07829512312 |
| **દર્શન કાંતીલાલ દંડ વડકારા** | 08147016402 |
| **મયુરી કુશલ લોડાયા** | 09725739574 |
| **આશિષ બુદ્ધિધન મોમાયા પુના** | 07774048838 |
| **પ્રિતી આશિષ મોમાયા પુના** | 07774048828 |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા તેમજ નવા / બદલાયેલા ફોન નંબરો**

**સ્થળ સંકોચને કારણે આ અંકમાં નવા / બદલાયેલા સરનામા તેમજ નવા / બદલાયા ફોન નંબરો પાના નં ૨૫ પર સમાચારની નીચે આપેલા છે. તેની નોંધ લેવી**

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૦૯.૧૩ | - | હેઝલ - ઉર્વી/ધવલ લાપસીયા | દલતુંગી | પુત્રી |
| ૨૨.૦૯.૧૩ | વાશી | અનંગ - અપેક્ષા/અનુજ મોમાયા | વરાડીયા | પુત્ર |
| ૦૭.૧૧.૧૩ | થાણે | ધીર - રુપાલી/મોહિલ સતીશ ધરમશી | નલીયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૧૧.૧૩ | બેંગલોર | કરણ દિલીપ હિરજી લોડાયા | કોઠારા | ૩૦ |
| | સિરસી | દિપા ડાયાલાલ જીવરાજ મોમાયા | મોંટી સિધોડી | ૩૦ |

### આતંર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૧૧.૧૩ | મુલુંડ | હર્ષ હિરેન ધરમશી | સુથરી | ૨૫ |
| | જુહુ | પરિતા મુકેશ મહેતા | સાવર કુંડલા | ૨૫ |

### સગપણ છુટું થયું

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૨.૧૩ | કોઈમ્બતુર | વિશાલ મધુકાંન્ત રતિલાલ નાગડા | નલીયા | ૩૧ |
| | મુલુંડ | પ્રિયંકા કુલીન લાલજી મૈશેરી | જખૌ | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૧૧.૧૩ | અમદાવાદ | મનીષ નવીનચંદ્ર કેશવજી મોતા | લાખણીયા | ૨૬ |
| | ડોંબિવલી | વીરલ નિતીન ખેતશી લાલકા | વારાપધર | ૨૨ |
| ૧૯.૧૧.૧૩ | અહમદનગર | નિલેશ ચેતન લાલજી લોડાયા | રાપરગઢવારી | ૨૭ |
| | ઈન્દૌર | મધુરીમા ચેતન કલ્યાણજી મોમાયા | રાપરગઢવારી | ૨૨ |
| ૨૦.૧૧.૧૩ | ઈન્દૌર | ગુજંણ રુપચંદ ભવાનજી નાગડા | લાલા | ૨૮ |
| | હુબલી | રુચી ચેતન નવીનચંદ્ર લોડાયા | વારાપધર | ૨૫ |
| ૨૫.૧૧.૧૩ | હુબલી | અભિષેક તિલક ખેતશી જેઠાભાઈ કુરવા | ગોધરા | ૨૭ |
| | ખામગાવ | કોમલ મનોજ નારાયણજી નાગડા | તેરા | ૨૩ |

### આંતર જ્ઞાતીય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૧૧.૧૩ | ડલ્લાસ - અમેરીકા | સુમીત અરુણ શાહ | બાડા | ૨૪ |
| | હુબલી | પુર્વી પ્રદીપ જીવણલાલ પટેલ (નાગડા) | નલીયા | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૧૧.૧૩ | ડોંબિવલી | લક્ષ્મીચંદ પદમશી માણેકજી મોતા | નલિયા | ૭૮ |
| ૨૮.૧૧.૧૩ | ભાંડુપ | બંકીમ લખમશી દેવશી લોડાયા | દલતુંગી | ૫૪ |
| ૨૯.૧૧.૧૩ | મુલુંડ | મણીલાલ (મહેશ) શામજી પદમશી લોડાયા | પીર સુથરી | ૫૧ |
| ૩૦.૧૧.૧૩ | મુલુંડ | દમયંતી માણેકજી ખીમજી ડાઘા | દલતુંગી | ૬૫ |
| ૦૧.૧૨.૧૩ | કોચીન | મુલચંદ ટોકરશી પુંજાભાઈ મોમાયા | વરાડીયા | ૮૮ |
| ૦૧.૧૨.૧૩ | કલકત્તા | પ્રેમચંદ મુલજી ભીંયશી લાલકા | લાલા | ૭૦ |
| ૦૨.૧૨.૧૩ | ગાંધીધામ | સોહમચંદ ધારશી દેવરાજ નાગડા | નલીયા | ૮૮ |
| ૦૨.૧૨.૧૩ | અમલનેર | નવીનચંદ જેઠાભાઈ રાજપાર મૈશેરી | લાલા | ૭૨ |
| ૦૩.૧૨.૧૩ | મુંબઈ | કિરીટ વેરશી માડણ મૈશેરી | નાની સિંધોડી | ૬૬ |
| ૦૪.૧૨.૧૩ | કાંકરોલી | માણેકજી ધનજી હિરજી દંડ | લાલા | ૭૦ |

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે**
**હવેથી ઈ-મેલ** kdoprakash@gmail.com **પર મોકલાવા.**
Please Note New Email ID of C.D.O. Prakash Samiksha : Email : kdoprakash@gmail.com












કેનવાસ પર હાર્ડવેક્સથી
અનોખી કલાકૃતિઓ સર્જતા
નોખા - અનોખા કલાકાર
માનસી લોડાયા
બાયઠ - ડોંબિવલી



## માસિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

જન્મ :
૧૪-૦૧-૧૯૪૯



અરિહંત શરણ :
૧૨-૧૧-૨૦૧૩

### વીરચંદ લાલજી પટેલ (લોડાયા)
(સાંધવ - ગાંધીધામ)

જીવન એવું જીવીગયા કે જોનારા જેયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે...
દુ:ખથી કદી ડર્યા નહીં... સુખથી કદી છલકાયા નહીં ...
વ્યવહાર કદી ચુક્યા નહીં... સૌના હૃદયમાં વસતા ગયા,
આપના દિવ્ય આત્માને શાંતિમળે એજ અભ્યર્થના

**હૃદયભીની શ્રધ્ધાંજલિ**

પત્ની : ગં. સ્વ. જ્યાબેન વીરચંદ પટેલ
પુત્ર - પુત્રવધુ : શીલ્પા પરેશ પટેલ
પુત્રી - જમાઈ : જયશ્રી, અલ્પા હિતેશ નાગડા
દોહિત્ર : રોનીલ નાગડા

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 .day of publication every Friday
**Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.**

## સેંકડો .. હજારોમાં નહીં ... પણ મયુર વિનોદ ધુલ્લા (સુથરી) લાખોમાં એક !

### સીડની યુનિવર્સિટીની માસ્ટર ઓફ ઈન્ટરનેશનલ બિજનેશની ડિગ્રી ૨૦૦૮માં મેળવ્યા બાદ

## મયુર ધુલ્લાની સફળતાની ગાથા પર ઓવારીગઈ ઓસ્ટ્રેલિયા સરકાર!!!

### તેમની સકસેસ સ્ટોરી ઓસ્ટ્રેલિયા સરકારની વેબસાઈટ પર મૂકવામાંઆવી.



અમેરિકા, ઈંગ્લેડ, જપાન, જર્મની તથા અન્ય દેશો મળી ૪૦થી વધુ દેશોના વિદ્યાર્થી આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ મેળવવા ઓસ્ટ્રેલીયા આવે છે.

વિદેશના લાખો વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયામાં ભણવાનું પસંદ કરે છે તેનું એક કારણ છે કે ત્યાંની સરકાર વિદ્યાર્થીઓ અહીં ભણીને જાય તે પછી શું કરે છે? તેમને એસ્ટ્રેલીયામાં લીધેલી ડીગ્રી - ભણતરથી તેઓ સફળ થાય છે કે નહીં? તેની ખબર રાખે છે!

તેમની સફળતાની ગાથાથી પ્રેરાઈ, વિશ્વભરના લાખો વિદ્યાર્થીઓ પોતાના દેશમાં ભણવા આવે... તે માટે ઓસ્ટ્રેલીયાની સરકાર એ જીનિયસો... એ અસાધારણ પ્રતિભાવંતોની સકસેસ સ્ટોરી પોતાની ગ્લોબલ વેબસાઈટ પર મૂકે છે. આ માટે પસંદ થવું એ કોઈ પણને માટે જાગતિક સન્માન મેળવ્યા બરાબરનું સદભાગ્ય ગણાય.

ક.દ.ઓ. જૈન જ્ઞાતિ અગ્રણી વિનોદ ધુલ્લાના સ્વનામ ધન્ય સુપુત્ર મયુર ઓસ્ટ્રેલીયા સરકારને મળતી લાખો Success Stories માંથી, તેમના પ્રભાવશાળી અને ચેલેંજીંગ કેરીઅર પરફોરમંસથી AUS. Govt Website પર પ્રેરણારૂપ દુર્લભ સ્થાન મેળવવા ભાગ્યશાળી બન્યા છે. રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર, મયુરની કોઈ પણ ભારતીય માટે બહુજ દુર્લભ અને અનન્ય એવી આ સિધ્ધિ અને સફળતા માટે ગૌરવ અને ખુશી અનુભવે છે.

મયુરે ANZ Business વતી દક્ષિણ પુર્વ એશીયામાં વેચાણ કારોબાર સંભાળતી A Walter Kluwar Asia Pacific Business સાથે સંકળાયેલ CCH Australia નામની ઓસ્ટ્રેલિયાની પ્રકાશન કંપનીમાં ઉત્તરોતર પ્રગતિના શિખરો સર કરી, ૨૦-૨૫ રાષ્ટ્રોમાં ધંધો કરતી કંપનીમાં માર્કેટીંગમાં ત્રણ-ત્રણ વર્ષોસુધી સતત પ્રથમ ક્રમાંક મેળવી પોતાની હરણફાળ પ્રગતિ અને વિકાસની હેટ્રીક નોંધાવી, બિજનેશ વર્તુળમાં ખુબજ સન્માનનીય અને આદરણીય સ્થાન મેળવ્યું છે. નાની ઉમરે માર્કેટીંગમાં મોટા મોટા મહારથીઓને પાછળ મુકી પોતાની ટેલંટ અને મુત્સદ્દીગીરી તેમજ કઠોર પરિશ્રમથી આગળ આવી પરિવાર - કુળ - દેશ અને પોતાનું નામ રોશન કરી તેની આન - બાન - શાનમાં વધારા કર્યો છે.

સમગ્ર વિશ્વભરમાં ઓસ્ટ્રેલીયન સરકારની અભ્યાસની વેબસાઈટ ખોલતાં જ આપણા મયુરના ફોટા સાથે જ્યારે એનાં વિકાસ અને વિજયનું ગૌરવ ભર્યું દષ્ટાંત વાંચી દુનિયાભરના વિદ્યાર્થીઓ પોતાના સપના સજાવે અને પોતાના Dream Idol એને બનાવે તે આપણાં માટે ખુબ - ખુબ અને ખુબજ આનંદ અને ઉલ્લાસની હકીકત છે.

**ધન્ય છે એની ચતુરાઈ અને મહાન છે એની મહેનત! જેનાથી વિશ્વભરમાં ધંધા માટે પંકાયેલા ગોરાઓને પછાડીને, તેમના પર સવાર થઈ પોતાની કેરીઅરનો વિજ્યરથ અશ્વમેધ અશ્વની જેમ વિજ્યી બનાવતો આવનારા વર્ષોમાં પણ સદાય સફળ બની દેવગુરુ કૃપાથી અવ્વલ નંબર હાંસલ કરે એવી માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવારની પ્રાર્થના સહ મનોકામના.**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**